For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 17 | 23 December 2023, Saturday | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**




**Gadgets ગુરૂ**
POCO C65 સ્માર્ટફોન 8,499 ની શરૂઆતની... 4

જાન્યુઆરી 1ના 21 પોઝિટિવ કેસ, ઝડપથી સંક્રમિત કરે છે વાયરસ... 7



શાહરૂખની પત્ની ગૌરી ખાનને EDની નોટિસ, બ્રાન્ડ એમ્બેસેડર હોવાથી 30... 10





## અમેરિકાના રાજકીય ઈતિહાસમાં પહેલીવાર કોર્ટની મોટી કાર્યવાહી...

# સંસદ હુમલા માટે તેઓ જવાબદાર : ડોનાલ્ડ ટ્રમ્પ

**...સુપ્રીમ કોર્ટે હિંસા માટે પૂર્વ રાષ્ટ્રપતિને ગેરલાયક ઠેરવ્યા**

**સુપ્રીમ કોર્ટે તેમને આ પદ માટે અયોગ્ય જાહેર કર્યા**



**ડોનાલ્ડ ટ્રમ્પ 2024ની રાષ્ટ્રપતિ ચૂંટણી લડી શકશે નહીં...**

**વોશિંગ્ટન:** અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 2024માં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી લડી શકશે નહીં. કોલોરાડોની સુપ્રીમ કોર્ટે તેમને રાષ્ટ્રપતિ પદ માટે અયોગ્ય જાહેર કર્યા છે. 6 જાન્યુઆરી, 2021ના રોજ થયેલી યુએસ કેપિટોલ હિંસા માટે તેમને જવાબદાર ઠરાવવામાં આવ્યા છે. ખરેખર, 2020માં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પ હારી ગયા હતા. આ પછી, 6 જાન્યુઆરી 2021ના રોજ, તેમના સમર્થકોએ સંસદમાં ઘૂસીને હિંસા કરી અને ચૂંટણી પરિણામોને પલટાવવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રમ્પને ગેરલાયક ઠરાવવાનો નિર્ણય અમેરિકી બંધારણના નિયમો હેઠળ લેવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, અમેરિકન ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે જ્યારે રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને બંધારણના 14મા સુધારાની કલમ 3નો ઉપયોગ કરીને ગેરલાયક ઠરાવવામાં આવ્યા હોય...

## સંસદ હિંસાનો આખો મુદો સમજો

રાષ્ટ્રપતિની ચૂંટણી 3 નવેમ્બર 2020ના રોજ યોજાઈ હતી. બાઈડેનને 306 અને ટ્રમ્પને 232 વોટ મળ્યા હતા. બધું સ્પષ્ટ હતું. આમ છતાં ટ્રમ્પે હાર સ્વીકારી ન હતી. તેમનો આરોપ હતો કે મતદાન અને મતગણતરીમાં મોટાપાયે ગોટાળો થયો હતો. ટ્રમ્પે ઘણાં રાજ્યોમાં કેસ દાખલ કર્યા. મોટાભાગના કિસ્સાઓમાં, ટ્રમ્પ સમર્થકોની અપીલો ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પણ બે કેસમાં અરજીઓ ફગાવી દીધી હતી. ટ્રમ્પ ઈશારાથી હિંસાની ધમકી આપતા રહ્યા. નવા પ્રમુખ જો બાઈડેનની જીત 6 જાન્યુઆરી, 2021ના રોજ નક્કી થવાની હતી. અમેરિકી સંસદનું આ માટે સત્ર ચાલી રહ્યું હતું. અહીં મત ગણતરી થવાની હતી. ટ્રમ્પના સાંસદોએ કેટલીક જગ્યાએ પરિણામો સામે વાંધો ઉઠાવ્યો હતો. આ અંગે ચર્ચા થવી જોઈતી હતી. આ ચર્ચા બાદ બહુમતી સાથે બાઈડેનની જીત નિશ્ચિત કરવામાં આવી હતી. આનાથી નારાજ ટ્રમ્પ સમર્થકોએ સંસદ પર હુમલો કર્યો.

**ટ્રમ્પ સમર્થકો બેરિકેડ તોડીને સંસદમાં ઘૂસ્યા હતા** યુએસ કેપિટોલની અંદર ધારાસભ્યો એકઠા થયા હતા અને બહાર ટ્રમ્પ સમર્થકોની ભીડ વધી રહી હતી. વોશિંગ્ટનના સમય મુજબ 6 જાન્યુઆરીએ બપોરે 1 વાગ્યા પછી ટ્રમ્પ સમર્થકોએ યુએસ કેપિટોલની બહાર બેરિકેડ તોડી નાખ્યા હતા. નેશનલ ગાર્ડ્સ અને પોલીસ તેમને સમજાવે તે પહેલાં કેટલાક લોકો અંદર ઘૂસી ગયા હતા. બપોરે 1:30 વાગ્યે, કેપિટોલની બહાર મોટા પાયે હિંસા શરૂ થઈ. એક ગોળી પણ ચલાવવામાં આવી હતી.

## હિંસા ચાર કલાક સુધી ચાલી હતી

બપોરે 3 વાગ્યા સુધીમાં ટ્રમ્પ સમર્થકો સંસદમાં ઘૂસી ગયા હતા. સ્પેશિયલ ફોર્સના જવાનો તેમની તરફ બંદૂક બતાવતા જોવા મળ્યા હતા. સમર્થકોએ સંસદની અંદર તોડફોડ કરી. કેટલાક તોફાનીઓ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (એચઓઆર)ના તત્કાલીન સ્પીકર નેન્સી પેલોસીની ખુરશી પર બેઠા હતા. બારીઓના કાચ તૂટી ગયા હતા. આર્ટ વર્ક લૂંટીને લઈ ગયા હતા. બપોરે 1.30 વાગ્યે શરૂ થયેલી હિંસા ચાર કલાક પછી સાંજે 5.30 વાગ્યે સમાપ્ત થઈ જ્યારે વિશેષ દળો, સૈન્ય અને પોલીસે યુએસ કેપિટોલના બંને માળેથી ઘૂસણખોરોને ભગાડ્યા.

## કેસ સાથે જોડાયેલી મુખ્ય બાબતો સામે આવી...

- ટ્રમ્પ ડાઈનિંગ રૂમમાં બેસીને ટીવી પર હિંસા શરૂ થયા પછી 187 મિનિટ સુધી જોઈ રહ્યા હતા.
- ટ્રમ્પ કોઈની વાત સાંભળવા તૈયાર ન હતા. તેમને હિંસા રોકવા અને લોકોને પાછા મોકલવા માટે પગલાં ભરવા માટે ઘણી વખત કહેવામાં આવ્યું હતું.
- ટ્રમ્પ એ સ્વીકારવા તૈયાર નહોતા કે ચૂંટણી પૂરી થઈ ગઈ અને તેઓ હારી ગયા. હિંસાના એક દિવસ બાદ સામે આવેલા વીડિયોમાં તેણે આ વાતનો ઉલ્લેખ કર્યો હતો.
- ટોળાએ કાયદો તોડ્યો હોવાનું કહેવાનો પણ ટ્રમ્પે ઈનકાર કર્યો હતો. તેમણે ટોળાને દેશભક્ત કહ્યા. તેમણે લોકોને આ દિવસને હંમેશાં યાદ રાખવા જણાવ્યું હતું. ટ્રમ્પને આ અંગે કોઈ અફસોસ નથી.
- 6 જાન્યુઆરી, 2021ના રોજ કેપિટોલ હિલ પર હિંસા કોઈ અકસ્માત ન હતો. ટ્રમ્પનું સ્ટેન્ડ હતું. ટ્રમ્પે તોફાનો ભડકાવ્યા, અમેરિકાને સળગાવવાનો પ્રયાસ કર્યો.

**અમેરિકી સંસદમાં 206 વર્ષ પછી આવી હિંસા થઈ** યુએસ કેપિટલ હિસ્ટોરિકલ સોસાયટીના ડિરેક્ટર સેમ્યુઅલ હેલિડેએ સીએનએનને જણાવ્યું કે 24 ઓગસ્ટ, 1814ના રોજ બ્રિટને અમેરિકા પર હુમલો કર્યો. અમેરિકન સેનાની હાર પછી, બ્રિટિશ સૈનિકોએ યુએસ કેપિટોલમાં આગ લગાવી દીધી. ત્યારથી લઈને અત્યાર સુધીમાં છેલ્લાં 206 વર્ષમાં યુએસ સંસદ પર આવો હુમલો થયો નથી.

**વિવેક રામાસ્વામીએ કર્યો વિરોધ** રિપબ્લિકન પાર્ટી વતી ઉમેદવાર બનવા માટે ટ્રમ્પની સાથે હરિફાઈમાં ઉતરેલા ભારતીય મૂળના ઉમેદવાર વિવેક રામાસ્વામીએ હવે આ મામલામાં ખુલ્લેઆમ ટ્રમ્પનુ સમર્થન કર્યુ છે અને જાહેર કર્યુ છે કે, જો સુપ્રીમ કોર્ટ ટ્રમ્પને ચૂંટણી લડવા માટે મંજૂરી નહીં આપે તો કોલોરાડોમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર માટે થનારી ચૂંટણીમાં હું પણ ભાગ નહીં લઉં. તેમણે આગળ કહ્યુ હતુ કે, કોર્ટનો નિર્ણય ખોટો છે.આ પ્રકારના નિર્ણય અમેરિકા માટે ખતરનાક સાબિત થશે.



# અમેરિકામાં 10 હજાર વર્ષ ચાલે તેવી ઘડિયાળનો પ્રોજેક્ટ શરૂ

## કાંટો વર્ષમાં સોય જેટલો ખસશે ,કમ્પ્યુટર હિલિસે રચના કરી

## જેફ બેઝોસ પ્રોજેક્ટ માટે રૂ.350 કરોડનું દાન આપશે...

### પશ્ચિમ ટેક્સાસની પહાડીમાં 500 ફૂટ ઊંચી ઘડિયાળનો પ્રોજેક્ટ શરૂ

■ વૉશિંગ્ટન

૧૦ હજાર વર્ષ સુધી ચાલે એવી એક ઘડિયાળ બની રહી છે. એ માટે જેફ બેઝોસ ૪.૨ કરોડ ડોલર યાને અંદાજે ૩૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. ટેક્સાસમાં પહાડીઓની વચ્ચે ૫૦૦ ફૂટ ઊંચી ઘડિયાળ બની રહી છે. આ ઘડિયાળને સૂર્ય પ્રકાશમાંથી ઉર્જા મળતી રહેશે. ટાઈટેનિયમ, ,સિરામિક, સ્ફટિક વગેરે ટકાઉ પદાર્થોનો ઉપયોગ કરીને ઘડિયાળ બનાવાઈ રહી છે. ઘડિયાળ બની જશે પછી મર્યાદિત સંખ્યામાં લોકોને એ જોવાની પરવાનગી પણ આપવામાં આવશે. એમેઝોનના ફાઉન્ડર અને દુનિયાના ટોચના ઉદ્યોગપતિ જેફ બેઝોસે ૧૦ હજાર વર્ષ ચાલે એવી એક ઘડિયાળ બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કર્યો છે. બેઝોસ આ ઘડિયાળના નિર્માણ માટે ૩૫૦ કરોડ રૂપિયા જેટલું માતબર ફંડ આપશે. પશ્ચિમ ટેક્સાસ પહાડીઓની વચ્ચે ૫૦૦ ફૂટ વિશાળ ઘડિયાળ બની રહી છે. દર વર્ષે ઘડિયાળનો કાંટો માત્ર એક સોઈની ટોચ જેટલો સ્થાનફેર કરશે. કમ્પ્યુટર સાયન્ટિસ્ટ ડેની હિલિસે આ ઘડિયાળ ડિઝાઈન કરી છે. સિક્રોનાઈઝર, એક પેંડુલમ, એક જનરેટર, ગિયર અને ડાયલ આ ઘડિયાળમાં હશે. વધારે ચીજવસ્તુઓને બદલે ખપ પૂરતી જ વસ્તુઓ રખાશે. વળી, ડિસ્પ્લેમાં બહુ ઉર્જા ન ખર્ચાય તેવી રચના કરવામાં આવી છે. સૂર્ય પ્રકાશમાંથી તેમ જ વિઝિટર્સ પાસેથી મેકિનિકલ ઉર્જા લઈને આ ઘડિયાળ ચાલશે. જ્યારે ઉર્જાનો કોઈ ટકાઉ સ્રોત મળશે ત્યારે ડિસ્પ્લે ડાયલને અપડેટ કરી શકાશે. એને ક્લોક ઓફ ધ લોંગ નાઉ - એવું નામ અપાયું છે. આ ઘડિયાળ સૂર્ય-ચંદ્રની ગતિનો અંદાજ લગાવીને તાલમેલ રાખશે. એના આધારે વર્ષ, સદી તેમ જ હજાર વર્ષને ટ્રેક કરશે.



# ડેમોક્રેટિક પાર્ટી હિન્દુ વિરોધી છે તેવી છાપ દૂર કરવી પડશે

## ભારતીય મૂળના અમેરિકન નેતાએ આપી ચેતવણી

■ વૉશિંગ્ટન



અમેરિકાના રાજકારણમાં હવે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે. ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટી વતી રાષ્ટ્રપતિ પદના દાવેદારો દ્વારા થઈ રહેલા પ્રચાર વચ્ચે ભારતીય મૂળના એક નેતાએ દાવો કર્યો છે કે, બાઈડનને ફરી રાષ્ટ્રપતિ બનાવવામાં ભારતીય મૂળના અમેરિકન નાગરિકોની ભૂમિકા મહત્વની રહેશે. અમેરિકાના મેસાચ્યુસેટ્સ સ્થિત ડેમોક્રેટિક પાર્ટી માટે ફંડ એકઠુ કરવાનુ કામ કરી રહેલા રમેશ કપૂરે કહ્યુ હતુ કે, હિન્દુ અ્મેરિકનો અને ભારતીય મૂળના મોટાભાગના અમેરિકન નાગરિકો પરંપરાગત રીતે ડેમોકેટ્રિક પાર્ટીના સમર્થક રહ્યા છે પણ છેલ્લી કેટલીક ચૂંટણીઓથી ભારતીય અમેરિકનોના મત રિપબ્લિકન પાર્ટીને પણ મળવા માંડ્યા છે.

**બાઈડનની નજીકના નેતા છે રમેશ કપૂર:** રમેશ કપૂર જો બાઈડનની નિકટના નેતા મનાય છે અને તાજેતરમાં વ્હાઈટ હાઉસમાં થયેલી હોલીડે પાર્ટીમાં પણ તેઓ સામેલ થયા હતા. રમેશ કપૂરે કહ્યુ હતુ કે, હું પ્રયત્ન કરી રહ્યો છું કે, ભારતીય મૂળના લોકો બાઈડન સરકારનુ સમર્થન કરે. ગત ચૂંટણીમાં 72 ટકા ભારતીય મૂળના મતદારોએ બાઈડનને મત આપ્યો હતો પણ અમે તમામ ભારતીય મૂળના અમેરિકનોને બાઈડનના સમર્થનમાં લાવવાના પ્રયાસો કરી રહયા છે. ડેમોક્રેટિક પાર્ટી હિન્દુ વિરોધી છે તેવી એક ધારણા બની રહી છે અને તેના કારણે અમારે વધારે મહેનત કરવી પડી રહી છે.

**ભારતીય-અમેરિકન સમુદાયની ભૂમિકા મહત્વની:** તેમણે કહ્યુ હતુ કે, જે રાજ્યોમાં રિપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટી વચ્ચે કાંટાની ટક્કર છે ત્યાં ભારતીય અમેરિકન સમુદાયની ભૂમિકા મહત્વની રહેશે. કારણકે આવા રાજયોમાં ભારતીય મૂળના લોકોની સંખ્યા સારી એવી છે. ઓબામાની સરકારમાં મુસ્લિમ અમેરિકન મતદાતાઓને ખુશ કરવા માટે હિન્દુ મતદાતાઓને નારાજ કરવામાં આવ્યા હતા. જોકે હવે મુસ્લિમ મતદારો ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુધ્ધના કારણે બાઈડન સરકારથી ખુશ નથી.

# ગેરકાયદે ઈમિગ્રન્ટ અમેરિકાના લોહીમાં ઝેર ઘોળી રહ્યા છે

## ■ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી હોબાળો

■ વૉશિંગ્ટન




અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પાર્ટી વતી રાષ્ટ્રપતિ પદના પ્રબળ દાવેદાર ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર તેમના વિવાદિત નિવેદનને કારણે ચર્ચામાં છે. અમેરિકી શહેર ન્યૂ હેમ્પશાયરમાં એક રેલીને સંબોધતાં ટ્રમ્પે તેમના નિવેદનનું પુનરાવર્તન કરતાં કહ્યું કે દસ્તાવેજ વગરના ગેરકાયદે ઈમિગ્રન્ટ અમેરિકી લોહીમાં ઝેર ઘોળવાનું કામ કરી રહ્યા છે. ટ્રમ્પે સપ્ટેમ્બરમાં પણ આ વાત કહી હતી જેને લઈને તેમની આકરી ટીકા થઇ હતી. ટ્રમ્પના આ નિવેદનને જેનોફોબિક અને નાઝી વિચારધારાથી પ્રેરિત ગણાવાયું હતું. ટ્રમ્પે કહ્યું કે ગેરકાયદે ઈમિગ્રન્ટ દક્ષિણ અમેરિકા ઉપરાંત એશિયા અને આફ્રિકાથી અમેરિકામાં ઘૂસણખોરી કરી રહ્યા છે. તે આખી દુનિયાથી અમારા દેશમાં પ્રવેશી રહ્યા છે. તે અમારા દેશના લોહીમાં ઝેર ભેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ સપ્ટેમ્બર 2023ના અંતે પણ એક વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યૂમાં પણ ટ્રમ્પે આ પ્રકારની ભાષાનો ઉપયોગ કર્યો હતો.

ટ્રમ્પની આ ટિપ્પણી સામે યેલ યુનિવર્સિટીના પ્રોફેસર અને ફાસીવાદ અંગે પુસ્તક લખનારા જોનાથન સ્ટેનલીએ કહ્યું કે ટ્રમ્પ દ્વારા વારંવાર આ પ્રકારની ભાષાનો ઉપયોગ ખતરનાક સાબિત થઈ શકે છે. ટ્રમ્પના શબ્દો નાઝી નેતા એડોલ્ફ હિટલરના નિવેદનથી પ્રેરિત દેખાય છે. હિટલરના પુસ્તક મીન કેમ્ફ અનુસાર હિટલર પણ યહૂદીઓ માટે આ પ્રકારની ભાષા વાપરતો હતો. હિટલરે કહ્યું હતું કે યહૂદી જર્મનીના લોહીમાં ઝેર ભેળવવાનું કામ કરી રહ્યા છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

# દેવામાં ડૂબતું વિશ્વ...

## 33 ટ્રિલિયન ડોલર સાથે US વિશ્વનો સૌથી મોટો દેવાદાર, ભારત 3056 અરબ ડોલરના દેવા સાથે સાતમાં ક્રમે

## વૈશ્વિક સ્તરે 14,691 અબજ ડોલરના દેવા સાથે ચીન બીજા

## 10,797 અબજ ડોલરના દેવા સાથે જાપાન ત્રીજા ક્રમે પહોંચ્યુ

## વર્ષ 2023માં વૈશ્વિક દેવું 97 ટ્રિલિયન ડોલર પહોંચ્યું...

■ નવી દિલ્હી

વૈશ્વિક ધોરણે વિવિધ દેશોની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ રહી છે. કોરોનાકાળથી આ સ્થિતિમાં મોટાપાયે વિઘ્નો શરૂ થયા છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વૈશ્વિક દેવામાં સખત વધારો થયો છે. વર્ષ 2023ના અંત સુધીમાં વૈશ્વિક દેવું 97 ટ્રિલિયન ડોલર પહોંચવાનો અંદાજ માંડવામાં આવ્યો છે. જાણકારોના મતે 2019થી વૈશ્વિક દેવામાં સતત વધારો થઈ રહ્યો છે.

જો આ વધારાને જોડવામાં આવે તો કોરોનાકાળથી 2023 સુધીમાં વૈશ્વિક દેવામાં 40 ટકા વધારો નોંધાયો છે. જાણકારોના મતે કોરોના પેન્ડેમિક પહેલાં પણ આ સપાટી ઉંચી જ હતી અને હવે તેમાં ફરી વધારો થયો છે. વર્ષ 2019ની સરખામણીમાં વૈશ્વિક દેવામાં 9 ટકાનો વધારો થયો છે. એકંદરે વૈશ્વિક દેવું ગ્લોબલ જીડીપીની સરખામણીએ 238 ટકા આવી પહોંચ્યું છે. તમામ મોટા દેશોના પોલિસી મેકર્સ દ્વારા આ દિશામાં ઝડપી અને મોટા પગલાં લેવામાં આવે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

### આફ્રિકામાં પબ્લિક ડેટ 40 ટકાની સરેરાશે પહોંચ્યું

વિવિધ ક્ષેત્રોના દેવાની વાત કરવામાં આવે ત્યારે આફ્રિકાની સ્થિતિ પણ ખરાબ જ જોવાઈ રહી છે. આફ્રિકામાં દેવાનું સ્તર ઝડપથી વધી રહ્યું છે. તેનું એક કારણ એવું પણ છે કે, અહીંયા પબ્લિક ડેટમાં 40 ટકાનો સરેરાશ વધારો થઈ રહ્યો છે. આ વધારો વિદેશી હુંડિયામણના સ્વરૂપે થઈ રહ્યો છે. આટલી મોટી સંખ્યામાં વિદેશી હુંડિયામણનું દેવું આફ્રિકાના માથે જોખમ સર્જી રહ્યું છે. આ ક્ષેત્રમાં વ્યાજના દરો પણ ઉંચા છે જેના પગલે ડેટ સર્વિસિંગ કોસ્ટમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ વૈશ્વિક સ્તરે યુરોપ ક્ષેત્રના દેશો દ્વારા પણ 20,123 અબજ ડોલરનું દેવું કરવામાં આવ્યું છે. જે યુરોપની કુલ જીડીપીના 77 ટકા જેટલું દેવું થાય છે. જ્યારે વિદ્વના બાકીના દેશો દ્વારા કુલ 1,269 અબજ ડોલરનું દેવું કરવામાં આવ્યું છે જે તેમની કુલ જીડીપીના 31.4 ટકા જેટલું થાય છે. આ ઉપરાંત ઈએમએફના મતે 2028 સુધીમાં ગ્લોબલ પબ્લિક ડેટનું સ્તર 100 ટકા પહોંચી જશે જે માત્ર કોરોનાકાળમાં જોવા મળ્યું હતું. તેના પગલે આગામી સમયમાં મોટા આર્થિક પડકારો આવી શકે છે.




### પબ્લિક ડેટમાં તો વધારો જ જોવાયો છે...

અભ્યાસકર્તાઓના મતે 2020 બાદ છેલ્લાં ત્રણ વર્ષમાં આર્થિક મોરચે થોડા સુધારાના અને વિકાસના સંકેતો જોવા મળ્યા છે છતાં સ્થિતિ જોઈએ એવી સુધરી નથી. ખાસ કરીને ફુગાવો હજી પણ વધારે છે અને તે પગલે પબ્લિક ડેટ પણ ઉંચું જ જોવા મળ્યું છે. રાજકોષિય ખાધ વધવાને પગલે પબ્લિક ટેટના સ્તરમાં વધારો થઈ રહ્યો છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે, મોટાભાગના દેશો દ્વારા કોરોનાકાળમાં જાહેર કરવામાં આવેલી વિવિધ સહાયક યોજનાઓ અને આર્થિક સહાય બંધ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત તેમના દ્વારા આર્થિક વિકાસને બળ આપવા માટે ઘણા પગલાં લેવાઈ રહ્યા છે. ખાસ કરીને ખાદ્ય પદાર્થોના વધતા ભાવ અને ઊર્જા તથા ઈંધણોના ભડકે બળતા ભાવને કાબુ કરીને આર્થિક વિકાસ સ્થિર રાખવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પગલાં લેવાથી પબ્લિક ડેટ ગ્લોબલ જીડીપીની સરખામણીએ 8 ટકા તો રહ્યું છે. સરેરાશ જોવા જઈએ તો પેન્ડેમિક સમયની સરખામણીએ અડધું તો છે. પ્રાઈવેટ ડેટ કે જેમાં હાઉસહોલ્ડ અને નોન ફાઈનાન્સિયલ કોર્પોરેટ ડેટનો સમાવેશ કરવામાં આવે છે તેમાં ઘટાડો થયો છે. તે જીડીપીની સરખામણીએ 12 ટકા રહ્યું છે. આ ઘટાડો પણ કોરોનાકાળની અસરોને નાબુદ કરી શકે તે સ્તરે થયો નથી.

### ચીનની તમામ ચાલ અવળી પડી રહી છે, દેવું વધી રહ્યું છે

ચીનની ઉપર આ વર્ષે 14,691 અબજ ડોલરનું દેવું થઈ ગયું છે. જાણકારોના મતે વિદ્વમાં ભલે ચીન દ્વારા મહાસત્તા બનવાના ત્રાગા કરવામાં આવે કે પછી અમેરિકા સામે બાંયો ચડાવવામાં આવે પણ તેની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ રહી છે. સ્થાનિક સ્તરે તેમાં ઘણી મુશ્કેલીઓ સર્જાયેલી છે. 1978થી ચીનનો સરેરાશ જીડીપી 9 ટકા રહેતો હતો. છેલ્લાં કેટલાક વર્ષોમાં તેના વળતા પાણી આવ્યા છે. ખાસ કરીને કોરોનાકાળ બાદ તેને આર્થિક મોરચે મોટો ફટકો પડયો છે. આ વર્ષની જ વાત કરીએ તો ક્વાર્ટર ટુ ક્વાર્ટર સરેરાશમાં તેમાં 0.8 ટકાનો ઘટાડો થયો છે. વાર્ષિક ધોરણે તેનો જીડીપી 7.3 ટકાના અંદાજ સામે 6.3 ટકા જ રહ્યો છે. આ વર્ષે ચીન દ્વારા જે દેવું કરવામાં આવ્યું છે તે વૈશ્વિક દેવાના 14 ટકા જેટલું થાય છે. તેણે પોતાની જીડીપીની સરખામણીએ 83 ટકા જેટલું દેવું કરી નાખ્યું છે. ચીનના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસિસ એક્ટિવિટીમાં પણ ધોવાણ થઈ રહ્યું છે. આ સિવાય ઘણા મોરચે વિદેશી રોકાણ ભારત દ્વારા ખેંચી લેવાયું છે જેને પગલે ચીનના અર્થતંત્રને માઠી અસર થઈ છે. તેના રિયલ્ટી અને કન્ઝ્યુમર ડિમાન્ડ સેક્ટરમાં પણ મંદીના ઓછાયા ફરી વળ્યા છે.

### જાપાન દ્વારા બે દાયકાનું સૌથી મોટું દેવું કરાયું

આ અહેવાલમાં બહાર આવ્યું છે કે, દેવું કરવાની બાબતમાં અમેરિકા અને ચીન બાદ જાપાન ત્રીજા ક્રમે આવે છે. વૈશ્વિક સ્તરે જાપાન દ્વારા 10,797 અબજ ડોલરનું દેવું કરવામાં આવ્યું છે. વૈશ્વિક દેવામાં તેનો 11.1 ટકાનો ફાળો છે. આ દેવું ખૂબ જ મોટું છે. જાપાનમાં હવે યુવાનોની સંખ્યા ઘટી રહી છે અને વૃદ્ધોની સંખ્યા વધી રહી છે ત્યારે આ દેવું તેના માટે જોખમી બની શકે છે. જાપાન દ્વારા જીડીપીની સરખામણીએ 255 ટકા દેવું કરવામાં આવ્યું છે. આ મુદ્દે તે વિદ્વમાં ટોચના ક્રમે છે. મહત્ત્વની વાત એવી પણ છે કે, છેલ્લાં બે દાયકાના જાપાનના દેવાની વાત કરીએ તો તેણે આ વર્ષે 20 વર્ષના જીડીપી અને દેવાની તુલનાએ 100 ટકા વધારે દેવું કરી નાખ્યુ છે. જાપાનમાં વધી રહેલી વૃદ્ધોની વસતી પાછળ થતો ખર્ચ અને ડિફેન્સ તથા સિક્યોરિટી એક્સપેન્સના કારણે તેના દેવામાં વધારો થઈ રહ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

**અમેરિકાએ દુનિયાના કુલ દેવાનું ત્રીજા ભાગનું દેવું કર્યું છે** અમેરિકા દ્વારા સૌથી વધારે દેવું કરવામાં આવ્યું છે. અમેરિકા દ્વારા આ વર્ષે 33,228 અબજ ડોલરનું દેવું કરવામાં આવ્યું છે. વૈશ્વિક દેવાની સરખામણીએ અમેરિકાનું દેવું 34.2 ટકા છે. જાણકારોએ ટકોર કરી છે કે, અમેરિકા દ્વારા દુનિયાના કુલ દેવાનું ત્રીજા ભાગનું દેવું કરવામાં આવ્યું છે. અમેરિકાએ તેની જીડીપીની સરખામણીમાં 123.3 ટકા દેવું કરી નાખ્યું છે. સંશોધકોના મતે આ દેવાના કારણે ગવર્મેન્ટ સ્પેન્ડિંગમાં 20 ટકાનો વધારો જોવા મળવાનો છે. તેના પગલે આ આંકડો 2028 સુધીમાં 1 ટ્રિલિયન ડોલરને પાર કરી જશે જે તેના કુલ ડિફેન્સ ખર્ચ કરતા વધી જશે. માત્ર 2001નું વર્ષ એવું હતું જેમાં તેના ડેટમાં માત્ર 2 ટકાનો જ વધારો થયો હતો. કોરોનાકાળમાં જે પેકેજ જાહેર કરવામાં આવ્યા અને બીજા જે ખર્ચ થયા તેના કારણે તેના ડેટમાં 2020માં 19 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તેના એક દાયકા પહેલાં 2009માં પણ તેના ડેટમાં 19 ટકાનો વધારો નોંધાયો હતો.

## NEWS FILE

### કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં 39.50નો ઘટાડો થયો



નવી દિલ્હીઃ તેલ કંપનીઓએ શુક્રવારથી કોમર્શિયલ રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં 39.50 રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ ઘટાડો આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્કમાં નરમાઈને કારણે થયો છે. આ પહેલા સરકારી ઓઈલ કંપનીઓએ 1 ડિસેમ્બરે કોમર્શિયલ એલપીજીના ભાવમાં 21 રૂપિયાનો વધારો કર્યો હતો.ઓઈલ કંપનીઓએ પ્રાઇસ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે હોટલ અને રેસ્ટોરન્ટ જેવી ઘણી સંસ્થાઓમાં વપરાતી કોમર્શિયલ એલપીજીની કિંમત હવે દિલ્હીમાં ઘટીને રૂ. 1,757 પર આવી ગઈ છે, હવે મુંબઈમાં 19 કિલો સિલિન્ડર દીઠ 1,710 રૂપિયા, કોલકાતામાં 1,868.50 રૂપિયા અને ચેન્નાઈમાં 1,929 રૂપિયા થઈ ગઈ છે.

### દેશમાં સાડા ત્રણ વર્ષમાં 32.5 હજાર MSME બંધ થઈ ગયા

નવી દિલ્હીઃ ભારતીય ઈકોનોમી મજબૂત રહેવા સાથે કોર્પોરેટ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો પણ મજબૂત દેખાવ રહેવા છતાં એમએસએમઇ સેક્ટરમાં નિરૂત્સાહી ટોન જોવા મળી રહ્યો છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF), S&P અને મોર્ગન સ્ટેનલી જેવી વૈશ્વિક સંસ્થાઓ ભારતીય અર્થવ્યવસ્થાને સ્ટાર પરફોર્મર ગણાવી રહી છે. પરંતુ દેશના મેન્યુફેક્ચરિંગમાં 36%થી વધુ યોગદાન આપનારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) નો અવકાશ સંકોચાઈ રહ્યો છે. છેલ્લા 3 વર્ષ અને 5 મહિનામાં લગભગ 32.5 હજાર MSME બંધ થઈ ચૂક્યા છે.

### બેંકરપ્ટ એરલાઈન GoFirstને સ્પાઈસજેટ ખરીદશે




મુંબઈઃ સ્પાઈસજેટે પુષ્ટિ કરી છે કે તે નાદાર એરલાઈન GoFirstને ટેકઓવર કરવા માગે છે. કંપનીએ મંગળવારે 19 ડિસેમ્બરે BSE ફાઈલિંગમાં આ માહિતી આપી હતી. આ સમાચાર પછી, સ્પાઈસજેટના શેરમાં 5%થી વધુની મજબૂતી આવી અને રૂ. 69.20ની એક વર્ષની ટોચે પહોંચી. કંપની માને છે કે GoFirst અને SpiceJetનું સંયોજન મજબૂત એરલાઈન બનાવવામાં મદદ કરશે. સ્પાઈસજેટના બોર્ડે તાજેતરમાં રૂ. 2,254 કરોડની મૂડી એકત્ર કરવાની મંજૂરી આપી હતી. આ મૂડી નાણાકીય સંસ્થાઓ, એફઆઈઆઈ, એચએનઆઈ અને ખાનગી રોકાણકારોને શેર જારી કરીને એકત્ર કરવામાં આવશે.

# ગૂગલે 10 કરોડ લોકોને 630 મિલિયન ડોલર વહેંચવા પડશે


### અમેરિકી કોર્ટનો છે આદેશ, જાણો શું છે મામલો?

■ નવી દિલ્હી

વિશ્વની સૌથી મોટી ટેક કંપની ગૂગલને ફરી એક મોટો ઝટકો લાગ્યો છે. કંપની પર અમેરિકાની એક કોર્ટે 70 કરોડ ડોલરની દંડ ફટકાર્યો છે. જેમાંથી 63 કરોડ ડોલર લોકોમાં વહેંચવામાં આવશે અને બાકીના 7 કરોડ ડોલર એક ફંડમાં જમા થશે. આલ્ફાબેટની માલિકીની Google Inc. પર એન્ડ્રોઈડ પ્લે સ્ટોરનો દુરુપયોગ કરી યુઝર્સ પાસેથી વધુ ચાર્જ વસૂલવાનો આરોપ હતો. કંપની એન્ડ્રોઇડ પ્લે સ્ટોર પર ઈન-એપ પરચેઝ અને અન્ય નિયંત્રણો લાદીને આ પૈસા વસૂલી રહી હતી.

જો કે ગૂગલે આવી કોઈપણ ખોટી રીતનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો છે. પરંતુ તે લોકોને દંડ ભરવા સંમત થઈ હતી. તે પ્લે સ્ટોર પર હેલ્થી કોમ્પીટીશન માટે જગ્યા આપવા માટે પણ સંમત થઈ છે. મળેલા અહેવાલો મુજબ કોર્ટે કંપનીને 70 કરોડ ડોલર ચુકવવા કહ્યું છે. જેમાંથી 63 કરોડ ડોલર અમેરિકાના 50 રાજ્યોમાં રહેતા 10 કરોડ લોકોમાં વહેંચવામાં આવશે.

### પૈસા લેવા માટે આ લોકોને કોઈપણ પ્રકારના પેપરવર્કની જરૂર નથી




અહેવાલો મુજબ કુલ 10 કરોડ યુઝર્સમાંથી 7 કરોડ યુઝર્સને ગૂગલ પાસેથી પૈસા લેવા માટે કોઈપણ પ્રકારના પેપરવર્ક કરવાની જરૂર પડશે નહીં. તેમને વળતરની રકમ આપોઆપ મળી જશે. જે લોકોએ 16 ઓગસ્ટ, 2016થી 30 સપ્ટેમ્બર, 2023 દરમિયાન પ્લે સ્ટોર પરથી આ એપ્સ ખરીદી છે અથવા કોઈપણ એપ ખરીદી છે તેમને આ વળતર આપવામાં આવશે. કોર્ટે સ્વીકાર્યું છે કે ગૂગલનો એપ બિઝનેસ સ્પર્ધાની વિરુદ્ધ હતો. જો કે ગૂગલનું કહેવું છે કે તેણે અમેરિકન ગ્રાહકો માટે ચોઈસ બિલિંગ રજૂ કર્યું હતું. અમે ગ્રાહકોને ગેમ અને અન્ય પ્લેટફોર્મ પર આ એપ્સ ખરીદવાનો વિકલ્પ આપ્યો હતો. ગૂગલ પર ડેવલપર્સને તેના પ્લે સ્ટોરનો ઉપયોગ કરવા દબાણ કરવાનો આરોપ હતો.

## તંત્રીસ્થાનેથી...

# વહુએ વગોવ્યાં મોટાં ખોરડા, ઈંગ્લેન્ડનો શાહી પરિવાર સમાધાનના રસ્તે



ઈંગ્લેન્ડના શાહી પરિવારમાં નવેસરથી હલચલ થઈ રહી છે. એવી શક્યતા ઊભી થઈ છે કે નારાજ થઈને નોખો થઈ ગયેલો પ્રિન્સ હેરી અને એની પત્ની મેગન માર્કલ પાછાં રોયલ ફેમિલીનો હિસ્સો બની જશે ને ઘીનાં ઠામમાં ઘી પડી રહેશે.

યુનાઈટેડ કિંગડમના કિંગ ચાર્લ્સ અને એમની સ્વર્ગસ્થ પત્ની ડાયેનાના નાનો કુંવર પ્રિન્સ હેરીએ ૨૦૧૮માં લગ્ન પણ નહોતાં કર્યાં ત્યારથી જ બધાએ સૂંઘી લીધું હતું કે પ્રિન્સ હેરીનું લગનગાડું આડું ચાલવાનું છે.


હેરીની રૂપકડી પરણેતર મેગન માર્કન હોલિવુડની એક્ટ્રેસ છે એ તો હજુય બરાબર છે, પણ એ સંપૂર્ણપણે 'વ્હાઈટ' પણ નથી કે સંપૂર્ણપણે બ્લેક પણ નથી. મેગનના પિતા શ્વેત છે અને માતા અશ્વેત. આમ, એ 'મિક્સ્ડ બ્લડ' ધરાવે છે. મેગનની માતાના પૂર્વજો તો એક જમાનામાં ગુલામો હતા, જેમની સાથે ઢોર જેવું વર્તન થતું. ક્યાં એક અશ્વેત 'ગુલામ'ની વંશજ ને ક્યાં દુનિયાનો સૌથી પાવરફુલ શાહી પરિવારનો રાજકુમાર. મેગનનો બીજો માઈનસ પોઈન્ટ, શાહી પરિવારની દ્રષ્ટિએ, એ હતો કે એ ડિવોર્સી હતી. ત્રીજું, એ હેરી કરતાં બે વર્ષ મોટી હતી. ખેર, રાજાને ગમે તે રાણી તે ન્યાયે શાહી પરિવાર આ તમામ 'ખામીઓ' સહિત મેગનને વહુ તરીકે સ્વીકારવા મને-કમને તૈયાર થઈ ગયો હતો.

મેગન આગવું વ્યક્તિત્ત્વ ધરાવતી એક સ્ટ્રોન્ગ, ઈન્ડિપેન્ડન્ટ અને અતિ ચાર્મિંગ સ્ત્રી છે. શાહી પરિવારમાં નીતિ-નિયમો, ઔપચારિકતા, પ્રોટોકોલ, સાદી ભાષામાં કહીએ તો, બંધનોનો પાર નહીં. મેગનની જીવનશૈલીનો ભેદ સંપૂર્ણ હતો. યુનાઈટેડ કિંગડમના રૂપરૂપાળા રાજકુમારને પરણી હોવા છતાં, સ્વર્ગ જેવા મહેલમાં રહેતી હોવા છતાં મેગન ખુશ નહોતી. પ્રિન્સ હેરીની, કોઈ પણ સાધારણ પુરુષની જેમ, સૂડી વચ્ચે સોપારી જેવા હાલ થઈ ગયા હતા. કોને પ્રેફરન્સ આપવું - પત્નીની ખુશાલીને કે પોતાના શાહી પરિવારની માન-સન્માન અને મર્યાદાને?

મેગને ૨૦૧૯માં દીકરા આર્ચીને જન્મ આપ્યો. એ પેટમાં હતો ત્યારે શાહી પરિવારમાં કોઈએ ટિપ્પણી કરીઃ તું પૂરેપૂરી શ્વેત નથી એટલે તારું સંતાન પણ પૂરેપૂરું શ્વેત નહીં હોય, બલ્કે, તારા જેવું ઘઉંવર્ણું અથવા કાળું હશે. તેથી જ જો તું દીકરો જણે તો એને 'પ્રિન્સ'નું ટાઈટલ ન આપવું જોઈએ! પત્યું. મેગન અને હેરીએ નક્કી કર્યું કે બહુ થયું. આવું અપમાન કોઈ કાળે સહન ન થાય. તેમણે શાહી પરિવાર છોડવાનો નિર્ણય લઈ લીધો. જાન્યુઆરી ૨૦૨૦માં હેરીએ કાયદેસર રીતે 'હિઝ રોયલ હાઈનેસ' અને મેગને 'હર રોયલ હાઈનેસ'ની પદવી જતી કરી. જોકે ડ્યુક એન્ડ ડચેસ ઓફ સસેક્સનાં ટાઈટલ જાળવી રાખ્યાં. તેઓ અમેરિકા શિફ્ટ થઈ ગયાં. ૨૦૨૧માં મેગને સુંદર મજાની દીકરી જણી, જેને નામ આપવામાં આવ્યું લિલિબેટ ડાયના.

હજુ સુધી ઘરની વાતો ઘરમાં જ હતી, પણ ૨૦૨૧માં મેગન અને હેરીએ સજોડે ઓપ્રા વિન્ફ્રેને લાંબો ઈન્ટરવ્યુ આપ્યો ને વટાણા વેરી નાખ્યા. મેગને તો ત્યાં સુધી કહ્યું કે શાહી સાસરે મને માનસિક ત્રાસ થતો હતો, મારે રેસિઝમ (રંગભેદ)નો સામનો કરવો પડયો હતો ને મને આત્મહત્યાના વિચારો આવવા માંડયા હતા. આ ઈન્ટરવ્યુ પછી તીવ્ર તરંગો સર્જાઈ જવા સ્વાભાવિક હતા. બાકી હતું તે નેટફ્લિક્સની ડોક્યુમેન્ટરી સિરીઝ 'મેગન એન્ડ હેરી'એ પૂરું કર્યું. દાદાજી પ્રિન્સ ફિલિપ અને દાદી રાણી એલિઝાબેથનાં વારાફરતી મૃત્યુ થયા ત્યારે લોકલાજે પ્રિન્સ હેરી અંતિમ વિધિઓમાં હાજર તો રહ્યો હતો, પણ પરિવારના આંતરિક સંબંધોમાં પેદા થયેલો તનાવ ઓછો ન થયો.

લેટેસ્ટ ન્યુઝ એ છે કે પિતાજી કિંગ ચાર્લ્સ ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છે કે રિસાઈને નોખાં થઈ ગયેલાં દીકરો-વહુ પાછાં ઘરે આવી જાય ને બધા હળીમળીને એક છત નીચે રહે. હેરી અને મેગનને મનાવવાની જવાબદારી એમણે મોટી વહુ કેથરીન કેથરીન, ડચેસ ઓફ કેમ્બ્રિજને સોંપી છે. અગાઉ બન્ને રાજકુમારો - વિલિયમ અને હેરી - વચ્ચે ઝઘડો થઈ ગયો હતો ત્યારે એમની વચ્ચે સુલેહ કરાવવાનું કામ કેથરીને જ કર્યું હતું. આંતરિક સૂત્રો કહે છે કે અંદરખાને હેરી અને મેગન પણ સમાધાન કરવા માગે છે. રોયલ ફેમિલીને હેરીની જેટલી જરૂર છે એના કરતાં હેરીને રોયલ ફેમિલીની વધારે જરૂર છે. તકલીફ એક જ છે કે પરિવારનો હિસ્સો બનવા માટે મેગને ઈંગ્લેન્ડમાં રહેવું પડે.



# દાઉદ ખરેખર ગુજરી ગયો કે સોશિયલ મીડિયા પર સૌથી મોટું પડીકું ચાલ્યું?

## વિચાર મંથન



અંડરવર્લ્ડ ડોન અને ઈન્ટરનેશનલ ટેરરિસ્ટ દાઉદ ઈબ્રાહીમ ગુજરી ગયો છે ? સોશિયલ મીડિયા પર રવિવાર રાતથી જ આ ચર્ચા જોરશોરથી ચાલી રહી છે અને સોમવારે પણ આખો દિવસ દાઉદ છવાયેલો રહ્યો. સોશિયલ મીડિયા પર અલગ અલગ સૂત્રોના હવાલાથી એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, દાઉદ ઈબ્રાહીમને કરાચીમાં ઝેર આપવામાં આવ્યું હોવાથી ગંભીર હાલતમા તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. કેટલાક અહેવાલમાં એવું કહેવાયું છે કે તેની હાલત અત્યંત નાજુક છે જ્યારે કેટલાક અહેવાલ પ્રમાણે દાઉદ ઈબ્રાહીમ ગુજરી ગયો છે.

સોશિયલ મીડિયા પર તો પાકિસ્તાનના કેરટેકર પ્રાઈમ મિનિસ્ટર અનવાર ઉલ હક કાકરે દાઉદ ઈબ્રાહીમને માનવતાનો મસિહા ગણાવીને શ્રધ્ધાંજલિ આપી દીધી હોવાની પોસ્ટ પણ ફરતી થઈ ગયેલી, તપાસ કરતાં ખબર પડી કે, આ પોસ્ટ ખોટી છે. કાકરે કોઈ પોસ્ટ મૂકી જ નથી.

એક અહેવાલમાં દાઉદની ગેંગના ભૂતપૂર્વ સભ્યના હવાલાથી કહેવાયું છે કે, દાઉદ ગંભીર બીમારીને કારણે કરાચીની હોસ્પિટલમાં દાખલ છે. તેને બે દિવસ પહેલાં એટલે કે શુક્રવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. દાઉદને દાખલ કરાતાં જ પાકિસ્તાની લશ્કર અને આઈએસઆઈના માણસોનો હોસ્પિટલમાં ખડકલો કરી દેવાયો છે અને આખા વોર્ડને કડક સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યો છે. દાઉદને જ્યાં દાખલ કરવામાં આવ્યો છે ત્યાં કોઈને જવાની મંજૂરી નથી. માત્ર ઉચ્ચ અધિકારીઓ અને પરિવારના નજીકના લોકો જ ત્યાં જઈ શકે છે. હિદી ફિલ્મોની ભાષામાં કહીએ તો પરિંદા ભી પર નહી માર સકતા.

આ સમાચાર મળ્યા પછી મુંબઈ પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. દાઉદના ભત્રીજા અલીશા પારકર અને સાજિદ વાગલે મુંબઈમાં જ રહે છે. મુંબઈ પોલીસના અધિકારીઓ દાઉદના ભત્રીજા અલીશા પારકર અને સાજિદ વાગલે પાસેથી વધુ માહિતી મેળવવા ફાંફાં મારી રહ્યા હોવાનું કહેવાય છે પણ ખરેખર દાઉદને શું થયું છે તેની કોઈને ખબર નથી. કેટલાક અહેવાલ પ્રમાણે, દાઉદને થોડા દિવસો પહેલાં હોસ્પિટલાઈઝ કરાયેલો. ગેંગરીનને કારણે કરાચીની એક હોસ્પિટલમાં તેના બે અંગૂઠા કાપી નાખવામાં આવ્યા હતા. આ સમાચાર હવે લીક થયા તેમાં વા વાયો ને નળિયું ખસ્યું જેવો ઘાટ થઈ ગયો.

દાઉદને ઝેર અપાયું હોવાના સમાચાર પાછળ પાકિસ્તાનની લોકપ્રિય યુ-ટયુબર આરઝુ કાઝમી હોવાનું મનાય છે. આરઝુએ યુ-ટયુબ ચેનલ પર સમાચાર આપ્યા પછી દાઉદ ઈબ્રાહીમને ઝેર અપાયું હોવાના સમાચાર વાયરલ થયા હતા. આરઝુ એકે ન્યુઝ નામે યુ-ટયુબ ચેનલ ચલાવે છે ને તેમાં ભેજાફ્રાય નામે કાર્યક્રમ કરે છે. પાકિસ્તાન સરકારની ટીકા કરવા માટે જાણીતી આરઝુ કાઝમીએ રવિવારે સાંજે દાવો કરેલો કે, દાઉદને ઝેર અપાયું છે અને તેને કરાચીની હોસ્પિટલમાં દાખલ કરાયો છે એ વાત સાચી છે પણ પાકિસ્તાન સરકાર તરફથી કોઈ આ વાતને પુષ્ટિ નહીં આપે કેમ કે જે કોઈ આ વાત સ્વીકારશે તેનું આવી બનશે. પાકિસ્તાનમાં રવિવાર સાંજથી ઈન્ટરનેટ ડાઉન થવા માંડેલું એ વાતને આરઝુએ દાઉદના મોતના સમાચાર સાથે જોડી દીધેલી.

દાઉદને ખરેખર શું થયું છે એ સસ્પેન્સ છે પણ આ ઘટનાએ ફરી સાબિત કર્યું કે, ભારતીયોને આજેય દાઉદ ઈબ્રાહીમમાં એટલો જ રસ પડે છે. દાઉદ ૧૯૮૦ના દાયકામાં ભારત છોડીને દુબઈ જતો રહેલો. ૧૯૮૬ પછી શારજાહમાં રમાતી ક્રિકેટ મેચોમાં દાઉદ લાઈવ ટેલીકાસ્ટમાં નિયમિત રીતે દેખાતો હતો. શારજાહમાં રમાતી મેચોમાં પાકિસ્તાન તરફી અંપાયરિંગના કારણે ભારતે રમવાનું બંધ કર્યું પછી દાઉદ ગાયબ થઈ ગયેલો.

૧૯૯૩માં મુંબઈનમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ પછી દાઉદ ચર્ચામાં આવેલો. દાઉદે આઈએસઆઈની મદદથી આ બોમ્બ બ્લાસ્ટ કરાવ્યા હોવાનું બહાર આવ્યા પછી દાઉદ ભારતીયો માટે વિલન બની ગયેલો. એ પછી ના તો દાઉદનો ચહેરો કોઈએ જોયો છે કે ના તો દાઉદનો ફોટો કોઈએ જોયો છે. દાઉદનો ૧૯૮૦ના દાયકાનો ફોટો વરસોથી આપણે જોઈએ છીએ ને એ સિવાય દાઉદના કોઈ સગડ નથી. દાઉદ જેનો કોઈ ચહેરો ના હોય એવું પાત્ર બનીને રહી ગયો છે છતાં ભારતીયોને દાઉદમાં રસ પડે છે. દાઉદ પર હુમલો થયો કે એ ગુજરી ગયો એવા સમાચાર પહેલાં પણ આવેલા છે ને દરેક વખતે ભારતીયોના કાન સરવા થઈ જાય છે.

દાઉદની ચર્ચાજી આપણી એક બહુ મોટી નિષ્ફળતાનો ઘા પણ તાજો કર્યો છે. દાઉદ ઈબ્રાહીમે ૧૯૯૩માં મુંબઈને ધમરોળી નાંખ્યું એ વાતને ૩૦ વર્ષ થઈ ગયાં. ત્રણ દાયકા પછી પણ આપણે દાઉદનો વાળ પણ વાંકો કરી શક્યા નથી એ શરમજનક કહેવાય. દાઉદ ઈબ્રાહીન કરાચીમાં રહે છે અને પોતાનું ગુનાખોરીનું સામ્રાજ્ય ચલાવે છે એવી વાતો વરસોથી સાંભળીએ છીએ.

### હોંગકોંગ મામલે ચીન-અમેરિકા આમને-સામને

# મીડિયા મુગલ જિમ્મી લાઈનો કેસ, ચીન સામે અમેરિકા પાંગળું



અનંત
સંદીપ હીરપરા

હોંગકોંગ ૭૫ લાખની વસતી ધરાવતો નાનકડો દેશ છે પણ અત્યારે આખી દુનિયાનું ધ્યાન હોંગકોંગ પર છે કેમ કે હોંગકોંગ દુનિયાની બે મહાસત્તા ચીન વર્સીસ અમેરિકાના જંગનું નવું મેદાન બન્યો છે. હોંગકોંગ પર ચીનનું શાસન છે. ચીન પોતાની સામેના અવાજને દબાવી દેવામાં માને છે તેથી ૨૦૨૦ના ડીસેમ્બરમાં ચીને હોંગકોંગના મીડિયા મોગલ મનાતા જિમ્મી લાઈને ઉઠાવીને જેલમાં નાંખી દીધેલા. અમેરિકા સહિતના દેશોએ એ વખતે જ ચીન સામે વિરોધ કરેલો પણ ચીન એ વિરોધને ઘોળીને પી ગયેલું. હવે ત્રણ વરસ પછી લાઈ સામે દેશદ્રોહનો કેસ શરૂ થયો છે એ સાથે જ અમેરિકા સહિતના દેશો ફરી મેદાનમાં આવી ગયા છે. અમેરિકાના સાથે બ્રિટને જિમ્મી લી યુકેના નાગરિક હોવાનો દાવો કરીને કોન્સ્યુલર એક્સેસની માગણી કરી છે પણ ચીને તેની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી છે. ચીને લાઈ સામે વિદેશી પરિબળો સાથે મળીને હોંગકોંગની સુરક્ષા સામે ખતરો ઉભો કરવાનો આરોપ પણ મૂક્યો છે. અમેરિકા સહિત સંખ્યાબંધ દેશોએ આ આરોપને ખોટો ગણાવીને લાઈને છોડવાની માગણી કરી છે પણ ચીને તેને ગણકારી નથી.

ચીન સામેની લડાઈમાં પોતે લાઈની સાથે છે એવું બતાવવા માટે અમેરિકા અને યુકે ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ, સ્વિત્ઝરલેન્ડ સહિત પશ્ચિમના વીસેક દેશોના પ્રતિનિધી કોર્ટમાં હાજર રહ્યા પણ ચીનને તેની પરવા નથી. ચીને સાફ શબ્દોમાં કહી દીધું છે કે, જિમ્મી લાઈને છોડવાનો સવાલ જ પેદા થતો નથી.

ચીનના નાફરમાની પછી અમેરિકા શુ કરે છે તેના પર સૌની નજર છે કેમ કે લાઈનો કેસ અમેરિકાની આબરૂનો સવાલ છે. ભારત માટે તો આ કેસ વધારે મહત્વનો છે કેમ કે જિમ્મા લાઈ અમેરિકાના ખાસ સાથી યુકેના નાગરિક છે. અમેરિકા પોતાના કે પોતાના સાથી દેશોના નાગરિકોની સુરક્ષાના મુદ્દે મોટી મોટી વાતો કરે છે.

કેનેડામાં ખાલિસ્તાનવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાના મામલે અમેરિકાએ ભારતને આડકતરી ધમકી આપી હતી. અમેરિકાના નાગરિક એવા ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુનની હત્યાનું કહેવાતું કાવતરું ઝડપાયું એ મુદ્દે પણ અમેરિકા ભારતને ધમકીઓ આપ્યા કરે છે. ચીને જિમ્મી લાઈને ઉઠાવીને જેલમાં નાંખ્યા એ કેસ નિજ્જર અને પન્નુન જેવો જ છે ત્યારે અમેરિકા ચીન સામે આકરા તેવર બતાવી શકે છે કે નહીં એ જોવાનું છે. લાઈના મુદ્દે અત્યાર લગી તો અમેરિકા ચીન સામે પાણી વિનાનું સાબિત થયું છે. લાઈની ૨૦૧૯ના ઓગસ્ટમાં ધરપકડ થઈ તેના થોડા મહિના પહેલાં લાઈ અમેરિકાના તત્કાલિન વાઈસ પ્રેસિડેન્ટ માઈક પેન્સ, વિદેશ મંત્રી માઈક પોમ્પીયો તથા નેશનલ સીક્યુરિટી એડવાઈઝર જોહ્ન બોલ્ટનને મળેલા. એ વખતે તેમણે લાઈની લોકશાહીના જતન માટેની અમેરિકા લાઈની સાથે હોવાનું કહેલું.




Gadgets ગુરૂ

### POCO C65 સ્માર્ટફોન 8,499 ની શરૂઆતની કિંમતમાં લોન્ચ

ચીની ટેક કંપની પોકોએ ભારતીય બજારમાં બજેટ સ્માર્ટફોન 'POCO C65' લોન્ચ કર્યો છે. સ્માર્ટફોનમાં 90Hz રિફ્રેશ રેટ સાથે 6.74 ઈંચની HD ડિસ્પ્લે છે. MediaTek Helio G85 પ્રોસેસર Poco C65માં ઉપલબ્ધ છે. તેના 4GB + 128GB વેરિઅન્ટની કિંમત 8,499, 6GB + 128GB વેરિયન્ટની કિંમત 9,499 અને 8GB + 256GB વેરિયન્ટની કિંમત 10,999 છે.

- 90Hz રિફ્રેશ રેટ
- 6.74 ઈંચની HD ડિસ્પ્લે
- ગોરિલ્લા ગ્લાસ પ્રોટેક્શન
- 2.0GHz સુધીની CPU સ્પીડ
- Android 13 આધારિત MIUI
- 14 ઓપરેટિંગ સિસ્ટમ
- પાવર બેકઅપ 18W


# NASAની સૌથી મોટી સફળતા

## 3.10 કરોડ કિમી દૂર અંતરિક્ષથી પૃથ્વી પર મોકલ્યો બિલાડીનો VIDEO, 101 સેકન્ડમાં રિસીવ થયો વીડિયો, ડીપ સ્પેસ ઓપ્ટિકલ કમ્યુનિકેશન્સ સિસ્ટમનો ઉપયોગ થાય છે

ન્યૂયોર્ક: નાસાએ સોમવારે પૃથ્વીથી 31 મિલિયન કિલોમીટર દૂર સ્પેસશીપનો અલ્ટ્રા એચડી વીડિયો શેર કર્યો છે. આ પહેલીવાર છે જ્યારે આટલી ઉચ્ચ ગુણવત્તાનો વિડિયો અંતરિક્ષમાંથી પૃથ્વી પર મોકલવામાં આવ્યો છે. 15 સેકન્ડના આ વીડિયોમાં એક બિલાડી લેસર લાઇટના બીમને પકડવાનો પ્રયાસ કરતી જોવા મળે છે. નાસા અનુસાર, તેને મોકલવામાં લગભગ 101 સેકન્ડનો સમય લાગ્યો. આ વીડિયો 267 mbpsની ઝડપે મોકલવામાં આવ્યો હતો. જ્યારે તેને શેર કરવામાં આવ્યો ત્યારે સ્પેસશિપ ધરતી અને ચંદ્રના અંતર કરતા 80 ગણી વધારે દૂર હતી. નાસાએ કહ્યું કે આ સફળતા મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ ટેક્નોલોજીનો ઉપયોગ ભવિષ્યમાં હાઈ-ડેટા શેર કરવા માટે થઈ શકે છે. મંગળ પર મનુષ્યને મોકલવાના મિશનમાં તે મહત્ત્વની ભૂમિકા ભજવશે...

### મિશનનો ઉદ્દેશ્ય અવકાશમાંથી બ્રોડબેન્ડ વિડિયો શેર કરવાનો છે

વિડિયો સાઈક સ્પેસશીપમાંથી લેસર ટ્રાન્સસીવર દ્વારા પૃથ્વી પર મોકલવામાં આવ્યો હતો. આ અવકાશયાન મંગળ અને ગુરુ વચ્ચેના એસ્ટરોઈડ પટ્ટામાં મુસાફરી કરી રહ્યું છે, જેથી તે રહસ્યમય ધાતુ શોધી શકે. વિડિયો સિગ્નલ હેલ ટેલિસ્કોપ દ્વારા પ્રાપ્ત થયું હતું. નાસાએ કહ્યું કે તેનો એક હેતુ લાખો માઈલના અંતરથી બ્રોડબેન્ડ વીડિયો શેર કરવાનો છે. સ્પેસશીપમાં એવી કોઈ ટેક્નોલોજી નથી કે જેના દ્વારા વીડિયો મોકલી શકાય. નાસા હાલમાં સંદેશાવ્યવહાર માટે ટેક્સ્ટ ડેટાનો ઉપયોગ કરે છે. અવકાશ મિશનમાં, ડેટા સામાન્ય રીતે રેડિયો તરંગો દ્વારા મોકલવામાં અને પ્રાપ્ત થાય છે. લેસરનો ઉપયોગ કરીને ડેટા શેરિંગ સ્પીડ 10-100 ગણી વધારી શકાય છે.





**તમે વિડિયો માટે બિલાડી કેમ પસંદ કરી?** અમેરિકામાં 1920ના દાયકામાં ટેલિવિઝન પ્રત્યે લોકોની રુચિ ઝડપથી વધવા લાગી. ત્યારબાદ ઈમેજને ટેસ્ટ કરવા માટે બિલાડીના સ્ટેચ્યુની તસવીર શેર કરવામાં આવી હતી. બિલાડીઓને લગતા ઘણા વીડિયો અને મીમ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે.

**સાયકી સ્પેસક્રાફ્ટ 13 ઓક્ટોબરે લોન્ચ કરવામાં આવ્યું હતું** સાયકી સ્પેસક્રાફ્ટને 13 ઓક્ટોબરે ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રયોગ માટે ડીપ સ્પેસ ઓપ્ટિકલ કોમ્યુનિકેશન્સ (DSOC) સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ DSOC સિસ્ટમ સાઈકી અવકાશયાન પર સ્થાપિત કરવામાં આવી હતી. આ સિસ્ટમનો ઉપયોગ લેસર-બીમ સંદેશાને પૃથ્વી પર પાછા મોકલવા માટે થાય છે.

**આ મેસેજ 14 નવેમ્બરે મળ્યો હતો** નાસાએ અહેવાલ આપ્યો કે 14 નવેમ્બરના રોજ, સાયકી અવકાશયાન કેલિફોર્નિયામાં પાલોમર ઓબ્ઝર્વેટરી ખાતે હેલ ટેલિસ્કોપ સાથે સંચાર લિંક સ્થાપિત કરી. આ દરમિયાન, DSOC ના નજીકના-ઈન્ફ્રારેડ ફોટોનને સાઈકીથી પૃથ્વી સુધીની મુસાફરીમાં લગભગ 50 સેકન્ડનો સમય લાગ્યો. આ પરીક્ષણ દરમિયાન, 'ક્લોઝિંગ ધ લિંક' ટેકનિક હેઠળ અપલિંક અને ડાઉનલિંક લેસર દ્વારા ડેટા મોકલવામાં આવ્યો હતો.

# અમે ચોક્કસ ધ્યાન આપીશું...પન્નુ મામલે PMનું રિએક્શન

## કેટલીક ઘટનાઓ ભારત-US સંબંધોને ખરાબ કરી શકશે નહીં, આ મામલાને પગલે બાઈડેન ભારત નહીં આવે

### અમે જવાબદારી લઈશું અને તપાસ કરીશું: ભારત સરકાર

■ વોશિંગ્ટન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલીવાર આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના મામલે નિવેદન આપ્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ પીએમ મોદીનું કહેવું છે કે કેટલીક ઘટનાઓ અમેરિકા-ભારત સંબંધોને ખરાબ કરી શકશે નહીં. તેમણે કહ્યું- જો આપણા દેશનો કોઈ નાગરિક બીજા દેશમાં સારું કે ખરાબ કામ કરે છે તો તેની જવાબદારી અમે લઈએ છીએ. અમને આ અંગે જાણ કરવામાં આવી છે તેથી અમે તપાસ કરવા તૈયાર છીએ. અમે કાયદાનું પાલન કરીએ છીએ. હકીકતમાં અમેરિકી સરકારે આરોપ લગાવ્યો હતો કે ન્યૂયોર્કમાં પન્નુ



પર ઘાતક હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આમાં ભારતનો હાથ હતો. આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. જોકે, હુમલો કયા દિવસે થવાનો હતો તે જણાવવામાં આવ્યું ન હતું. જૂન 2023માં પીએમ નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પછી જ અમેરિકન અધિકારીઓએ ભારત સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

### કેટલીક ઘટનાઓને રાજદ્વારી સંબંધો સાથે ન જોડવી જોઈએ

PM મોદીએ કહ્યું- અભિવ્યક્તિની સ્વતંત્રતાની આડમાં આ તત્વો ડરાવવા અને હિંસા ભડકાવવામાં લાગેલા છે. વિદેશમાં સ્થિત કેટલાક ઉગ્રવાદી જૂથોની ગતિવિધિઓથી ભારત ચિંતિત છે. અમેરિકા સાથે અમારા સંબંધો ખૂબ જ મજબૂત છે. સુરક્ષા અને આતંકવાદ વિરોધી સહયોગ એ અમારી ભાગીદારીનો આધાર રહ્યો છે. કેટલીક ઘટનાઓને બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો સાથે ન જોડવી જોઈએ.

### ભારતવંશી સાંસદોએ કહ્યું હતું- પન્નુ કેસનો મામલો ભારત સાથેના સંબંધોને જોખમમાં મૂકી શકે છે



16 ડિસેમ્બર, 2023ના રોજ, પાંચ ભારતીય મૂળના સાંસદો એમી બેરા, પ્રમિલા જયપાલ, રો ખન્ના, રાજા કૃષ્ણમૂર્તિ અને શ્રી થાનેદારે કહ્યું હતું કે જો પન્નુની હત્યાના કાવતરાના કેસમાં તપાસ કરવામાં નહીં આવે તો ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વણસી શકે છે. આ બહુ ગંભીર બાબત છે. ભારતે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આવું ફરી ક્યારેય ન બને. ભારતે અમેરિકાની ધરતી પર આવા ષડયંત્રનું પુનરાવર્તન ન કરવું જોઈએ અને તપાસમાં સંપૂર્ણ સહયોગ કરવો જોઈએ.

## NEWS FILE

### H1B હોલ્ડર્સ અમેરિકા છોડયા વિના વર્ક વિઝા રિન્યુ કરી શકશે





વોશિંગ્ટનઃ અમેરિકામાં નોકરી કરવા માટે એચ-૧બી વિઝા પાત્ર અરજકર્તાઓ માટે ડોમેસ્ટિક વિઝા રિન્યુઅલની પ્રક્રિયા શરૂ કરવા માટેના એક પ્રસ્તાવને વ્હાઈટ હાઉસની મંજૂરી મળી ગઇ છે. આ માટે પાયલોટ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ એચ-૧બી વિઝા હોલ્ડર્સ અમેરિકા છોડયા વગર પોતાનો વર્ક વિઝા રિન્યુ કરાવી શકશે.આ પ્રોગ્રામની સમીક્ષા વ્હાઇટ હાઉસ હેઠળ કાર્યરત એક ઉચ્ચ નિયામક સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. આ નિર્ણય અમેરિકામાં આઈટી સેક્ટરમાં કામ કરતા અનેક ભારતીય પ્રોફેશનલ માટે ફાયદારૂપ સાબિત થઇ શકે છે.

### 'જગત જમાદાર'ના ઘરમાં જ 6.50 લાખથી વધુ લોકો 'બેઘર'

ન્યૂયોર્કઃ અમેરિકા જવાની ઘેલછા કોને નથી હોતી? દરેક લોકો અમેરિકા જઈને ડૉલરમાં કમાણી કરવાના સપના જોતા હશે પરંતુ એક નવા સરકારી રિપોર્ટમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે. અમેરિકામાં બેઘર લોકોની સંખ્યા 12 ટકા વધીને રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ છે. આવાસ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા રિપોર્ટ અનુસાર અમેરિકામાં દેશભરમાં લગભગ 653,000 લોકો બેઘર થઈ ગયા હતા. એક વર્ષ પહેલાની તુલનાએ આ આંકડો 70,650 વધુ છે અને 2007માં સરવે શરૂ થયા બાદથી આ સૌથી મોટો આંકડો છે.

### જો બાઈડેનના કાફલાની એસયુવીને કારે ટક્કર મારી



વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ જો બાઈડેનના કાફલામાં ઉભેલી એક એસયુવી કારને અન્ય કારે ટક્કર મારી હતી. આ ઘટના એવા સમયે સર્જાઇ હતી જ્યારે તે પ્રચાર હેડકવાર્ટરની મુલાકાતે હતાં.જો કે સદનસીબે આ ઘટનામાં અમેરિકાના પ્રમુખ અને ફર્સ્ટ લેડીને કોઇ ઈજા થઇ ન હતી. બાઈડેન જ્યારે પ્રચાર હેડકવાર્ટરથી પોતાના કાફલા તરફ જઈ રહ્યાં હતાં ત્યારે બાઈડેનના કાફલામાં ઉભેલી એક એસયુવી કારને અન્ય કારે ટકકર મારી હતી. ક્ષતિગ્રસ્ત એસયુવીનો ઉપયોગ અમેરિકન પ્રમુખની સુરક્ષામાં હેડકવાર્ટરની પાસેના ચાર રસ્તાની નાકાબંદી કરવા માટે કરવામાં આવ્યો હતો.

# ભારત પર પ્રતિબંધ લાદવો જોઈએ, USમાં સરકારી એજન્સીની માગ


### ભારત દેશમાં ધાર્મિક સ્વતંત્રતા નથી, સરકાર વિદેશમાં વિરોધીઓને ચૂપ કરાવી રહી છે

■ વોશિંગ્ટન

અમેરિકાની એક સરકારી એજન્સીએ સતત ત્રીજા વર્ષે ભારત પર પ્રતિબંધ લાદવાની માગ કરી છે. યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF) નામની એજન્સીએ દાવો કર્યો છે કે ભારતે તાજેતરમાં વિદેશમાં તેમના વિરોધી વકીલો, કાર્યકર્તાઓ અને પત્રકારોને ચૂપ કરવાનો પ્રયાસ કર્યો છે. એજન્સીના જણાવ્યા અનુસાર સરકાર વિદેશમાં લઘુમતીઓને નિશાન બનાવી રહી છે. ભારતમાં લઘુમતીઓની ધાર્મિક સ્વતંત્રતા પર સતત હુમલા થઈ રહ્યા છે. આ કારણે એજન્સીએ ભારતને 'વિશેષ ચિંતાના દેશો'માં સામેલ કરવાની ભલામણ કરી છે.

રિપોર્ટનો ખુલાસો કરતી વખતે USCIRF કમિશનર સ્ટીફન સ્નેકે કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યા અને પન્નુ પર હુમલાના પ્રયાસોને ટાંક્યા હતા. તેમણે કહ્યું છે કે આ ખૂબ જ ચિંતાનો વિષય છે. ખરેખર પન્નુ પાસે અમેરિકા અને કેનેડા બંનેની નાગરિકતા છે.

### સરકાર લઘુમતીઓ સાથે ભેદભાવ કરતી નીતિઓ બનાવી રહી છે



પંચે કહ્યું છે કે ભારત સરકાર માત્ર રાષ્ટ્રીય જ નહીં પરંતુ રાજ્ય અને સ્થાનિક સ્તરે પણ આવા કાયદા બનાવી રહી છે જે લઘુમતીઓ સાથે ભેદભાવ કરે છે. યુએસ રિપોર્ટમાં ગૌહત્યા, ધર્મ પરિવર્તન અને હિજાબ પરના કાયદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કહેવામાં આવ્યું છે કે આ કાયદાઓને કારણે મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, દલિત અને આદિવાસીઓ પર નકારાત્મક અસર પડી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર વિરોધીઓના અવાજને દબાવી રહી છે. ખાસ કરીને જેઓ લઘુમતી સમુદાયના છે અને તેમના અધિકારો માટે અવાજ ઉઠાવે છે. જ્યારે અમેરિકન એજન્સીએ પહેલીવાર 2020માં ભારતને આ યાદીમાં રાખવાનું સૂચન કર્યું હતું. તેના પર સરકારે અમેરિકન કમિશનના રિપોર્ટને 'ખોટો' ગણાવ્યો હતો. 'અફસોસની વાત એ છે કે USCIRF વારંવાર તેના અહેવાલોમાં તથ્યોને ખોટી રીતે રજૂ કરે છે.'

# ઈ-લીગલ માઈગ્રન્ટથી શિકાગો શહેર હાઉસફુલ થયું








## ટેક્સાસથી ખાનગી બસ અને પ્લેન ભરીને ઈ-લીગલ માઈગ્રન્ટ શિકાગો ખાતે મોકલાયા

■ શિકાગો

છેલ્લા કેટલાક સમયથી ટેક્સાસથી શિકાગો ખાતે ઈ-લીગલ માઈગ્રન્ટને મોકલી દેવામાં આવી રહ્યા છે. હાલમાં જ બે દિવસ સુધી ખાનગી પ્લેનમાં ટેક્સાસના અલ-પાસોથી શિકાગો ખાતેના ઓહેર એરપોર્ટ પર ઈ-લીગલ માઈગ્રન્ટને કોઈપણ જાણકારી વગર મોકલી દેવામાં આવ્યા હતા. અગાઉ સમયાંતરે ખાનગી બસો ભરીને આ પ્રકારે શિકાગો ખાતે ઈ-લીગલ માઈગ્રન્ટને મોકલી દેવામાં આવ્યા છે. જેના પગલે એક માસમાં શિકાગો ખાતે હજ્જારોની સંખ્યામાં ઈ-લીગલ માઈગ્રન્ટ વધી ગયા છે.

શિકાગોમાં એક તરફ ઠંડીનું પ્રમાણ વધી રહ્યુ છે. ત્યારે બીજી તરફ ટેક્સાસથી ઈ-લીગલ માઈગ્રન્ટને ખાનગી બસો અને ખાનગી પ્લેનમાં ભરીને શિકાગો ખાતે કોઇ જ જાણકારી વગર મોકલી દેવામાં આવે છે. પરિણામે અહીં શિકાગોમાં ઈ-લીગલ માઈગ્રન્ટની સંખ્યામાં વધારો થયો છે. આ તમામ માયગ્રન્ટને રહેવા માટે હાલ તો શિકાગો સરકારે સેલ્ટર હાઉસ ઉભા કર્યા છે. પરંતુ ઈ-લીગલ માઈગ્રન્ટની સંખ્યા એટલી વધારે છે કે, તેઓને ક્યાં રાખવા તે શિકાગો સરકાર માટે મોટો પ્શ્ન ઉભો થયો છે. મોટા ભાગના ઈ-લીગ માઈગ્રન્ટ હાલ તો સેલ્ટર હાઉસમાં છે. પરંતુ અગાઉ તમામ ઈ-લીગલ માઈગ્રન્ટ શિકાગો ખાતેના જુદા-જુદા પોલીસ સ્ટેશનની બહાર ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા.

# માનુષીની શોધકર્તાને 10 હજાર ડોલરના ઈનામની જાહેરાત

### 2019માં ન્યૂજર્સીથી ગુમ થયેલી માનુષીની જાણકારી આપનારને ઈનામ આપશે FBI

■ ન્યૂયોર્ક




મૂળ વડોદરાની રહેવાસી અને અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે આવેલી યુવતી માનુષી ભગત વર્ષ 2019માં અમેરિકામાં ગુમ થઇ ગઇ છે. જો કે આ કેસમાં હાલમાં એક નવો વળાંક આવ્યો છે. અને આ કેસમાં નેવાર્ક એફબીઆઈ ટીમ અને ન્યૂજર્સી પોલીસ દ્વારા માનુષીની જાણકારી અથવા કોઈ માહિતી આપનારને 19 હજાર ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરાઇ છે. વર્ષ 2019માં માનુષી ભગત ન્યૂયોર્ક ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં અભ્યાસ અર્થે આવી હતી. 19 પરંતુ એપ્રિલ 2019ના રોજ તે ન્યૂજર્સી પોતાના રહેઠાણથી નીકળી હતી અને તે સમયે તેણીએ કલરફુલ પાયજામો અને બ્લેક ટીશર્ટ પહેરી હતી. જો કે, ત્યારથી તે ગાયબ છે. બે દિવસ સુધી તેના માતા-પિતા કે જેઓ વડોદરામાં રહે છે. હજુ સુધી માનુષીનો કોઈ જ પત્તો ન લાગ્યો હોવાથી અંતે હાલમાં એફબીઆઇ અને ન્યૂજર્સી પોલીસ દ્વારા માનુષી ભગતની માહિતી અથવા કોઈ જાણકારી આપનારને 10 હજાર ડોલરની ઈનામની જાહેરાત કરવામાં આવી છે.

# શીખ નેતા પન્નુની હત્યાના કાવતરાનો કેસ



### 5 ભારતીય મૂળના કોંગ્રેસમેન દ્વારા ન્યાયિક તપાસ કરવા અપીલ કરી

■ શિકાગો

શીખ નેતા ગુરુપતવંતસિહ પન્નુના હત્યાના કાવત્રા ના કેસમાં અમેરિકાના ભારતીય મૂળના પાંચ કોંગ્રેસમેનને બાઈડેન એડમિનિસ્ટ્રેશન દ્વારા સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે. જેના પગલે તમામ પાંચ કોંગ્રેસ મેન દ્વારા ભારત સરકારને આ કેસને ગંભીરતાથી લઈને યોગ્ય તપાસ કરવા તેમજ આવુ ફરી ન બને તેવી બાંહેધરી આપવા પણ આહવાન કર્યુ છે. અમેરિકામાં પાંચ કોંગ્રેસ મેન રો ખન્ના, અમી બેરા,પ્રમિલા જયપાલ, રાજા કૃષ્ણમૂર્તિ અને શ્રી થાનેદારને ગત સપ્તાહમાં બાઈડેનએડમિનિસ્ટ્રેશન દ્વારા શીખ નેતા ગુરપતવંતસિંહ પન્નુની હત્યાના કાવતરાના કેસમાં સંપૂર્ણ તપાસની વિગતો આપવામાં આવી છે. જેના પગલે આ તમામ પાંચેય કોંગ્રેસમેન દ્વારાએવું સ્પષ્ટ જાહેર કરવામાં આવ્યુ છે કે, તેઓ અમેરિકાના કોંગ્રેસમેન હોવાના નાતે અમેરિકન નાગરિકની સલામતી તે પહેલી જવાબદારી છે. અને આ કેસમાં જે રીતે ભારતીય સરકારી અધીકારી અને નિખીલ ગુપ્તાની સંડોવણી હોવાનું બહાર આવ્યુ છે. જેના પગલે તેઓએ ભારત સરકારને આ કેસમાં સંપૂર્ણ તપાસ કરવા અપીલ કરી છે.

આ કેસમાં યુએસ જસ્ટીસ વિભાગ દ્વારા અગાઉ તપાસ કરીને ચાર્જશીટ દાખલ કરી છે. જેના શીખ નેતા ગુરૂપતવંતસિહ પન્નુની હત્યાના કાવત્રામાં ભારતીય અધિકારી અને નિખિલ ગુપ્તાની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. જેના પગલે નિખિલ ગુપ્તાની ધરપકડ બાદ ભારત સરકારને ભારતીય સરકારી અધિકારી વિરૂધ્ધ તપાસ કરવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. જેના પગલે 18 નવેમ્બરે ભારત સરકાર દ્વારા એક તપાસ સમિતિની રચના કરીને આ કેસમાં સંપૂર્ણ તપાસ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

# અમેરિકામાં હિંદુઓને લઈને સંસદમાં લેવામાં આવ્યો મોટો નિર્ણય

### હિંદુઓને લગતાં પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવશે

■ ન્યૂયોર્ક

અમેરિકામાં ભારતીય સમુદાયનું વર્ચસ્વ સતત વધી રહ્યું છે. આવી સ્થિતિમાં હિંદુઓના હિતોની રક્ષા કરવા અને સંસદમાં તેમને સંબંધિત મુદ્દા ઉઠાવવા માટે એક નવી કોંગ્રેસનલ હિંદુ કોકસની રચના કરવામાં આવી છે. રિપબ્લિકન સાંસદો પીટર સેશન્સ અને એલિસ સ્ટેફનિકે યુએસ સંસદમાં આની જાહેરાત કરી હતી. આ હિંદુ કોકસનો ઉદ્દેશ્ય અમેરિકામાં હિંદુઓ સામે નફરત અને ભેદભાવને ખતમ કરવાનો પણ છે. 115મી કોંગ્રેસ દરમિયાન સ્થપાયેલું આ નવું હિંદુ કોકસ વાસ્તવમાં હિંદુ અમેરિકન સમુદાય અને નીતિ નિર્માતાઓ વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પીટરે કહ્યું કે આ નવા કોંગ્રેસનલ હિંદુ કોકસના અસ્તિત્વમાં આવવાથી, હિંદુ અમેરિકન સમુદાયનો અવાજ સંસદમાં વધુ ગાઢ બનશે. અમે આ સમુદાયને લગતા પ્રશ્નોને સંસદમાં મૂકવા, તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને તેમના યોગદાનને મહત્વ આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

### આ કોકસની ખાસ વાત શું છે?

આ કોકસની ખાસ વાત એ છે કે તેમાં ભારત, નેપાળ, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ, ભૂતાન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બ્રિટન અને નેધરલેન્ડના હિન્દુઓ પણ ભાગ લેશે. ભારતીય મૂળના અન્ય ધર્મો, શીખ, જૈન અને બૌદ્ધના પ્રતિનિધિઓને પણ આ કોકસમાં સામેલ કરવામાં આવશે. સમોસા કૉકસની રચના હિન્દુ કૉકસ પહેલાં થઈ હતી. યુએસ સંસદમાં, કોકસ એ એવા નેતાઓના જૂથો છે જેઓ એક સામાન્ય ઉદ્દેશ્ય ધરાવે છે. આ કોકસનો વહીવટ ચેમ્બરના નિયમો અનુસાર થાય છે. અમેરિકામાં સમોસા કોકસ ભારતીય મૂળના સાંસદોનું એક જૂથ છે, જેઓ સંસદમાં ભારત સંબંધિત મુદ્દા ઉઠાવે છે. હાલમાં, સમોસા કોકસમાં એક સેનેટર અને ચાર હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ સભ્યો હોય છે. જેમાં રાજા કૃષ્ણમૂર્તિ, એમી બેરા, રો ખન્ના, પ્રમિલા જયપાલ અને કમલા હેરિસનો સમાવેશ થાય છે. હાલના ટ્રેન્ડ અને લેટેસ્ટ પોલ પ્રમાણે આ તમામ ફરી ચૂંટાઈ શકે છે. આ સિવાય ભારતીય મૂળના કેટલાક અન્ય ઉમેદવારો પણ ચૂંટણી જીતી શકે છે, આવી સ્થિતિમાં એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે અમેરિકામાં ભારતીય મૂળના પ્રતિનિધિઓ અને સેનેટરોની સ્થિતિ મજબૂત થશે. અમેરિકામાં ભારતીય મૂળના લગભગ 40 લાખ લોકો રહે છે, જેમાંથી 15 લાખથી વધુ અમેરિકન વોટર છે. આવી સ્થિતિમાં આ સંખ્યા કોઈપણ પક્ષને ચૂંટણી જીતાડી કે હરાવી શકે છે.

## લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત કોંગ્રેસમાં મોટો ભૂકંપ

13 ડિસેમ્બર 2023

# ભૂપત ભાયાણીનું રાજીનામું, AAP

19 ડિસેમ્બર 2023

# ચિરાગ પટેલનું રાજીનામું, કોંગ્રેસ

### ખંભાતના MLA ચિરાગ પટેલે વિધાનસભા અધ્યક્ષને રાજીનામું આપ્યું

### અન્ય ધારાસભ્ય પણ પાર્ટીને રામરામ કહે તેવી શક્યતા

■ અમદાવાદ

ખંભાત વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને પોતાનું રાજીનામું આપી દીધુ છે. કોંગ્રેસના વધુ એક ધારાસભ્યએ પક્ષ સાથે છેડો ફાડી નાખ્યો છે. આ ઉપરાંત અન્ય ધારાસભ્યોની પણ કોંગ્રેસમાંથી વિકેટ પડવાના એંધાણ સેવાઈ રહ્યાં છે. લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અને AAPને મોટા ઝટકા લાગી રહ્યાં છે. ચૂંટણી સુધીમાં એક કરતાં વધુ ધારાસભ્યો રાજીનામાં આપી શકે છે. કોંગ્રેસના ધારાસભ્યોનું સંખ્યાબળ મોટા પ્રમાણમાં ઘટવાની સંભાવના રાજકીય ક્ષેત્રે વ્યક્ત કરવામાં આવી રહી છે. **6 દિવસ પહેલા AAPના MLAની વિકેટ પડી હતી** હજુ તો 6 દિવસ પહેલા આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભા બેઠકના ધારાસભ્યની વિકેટ ખરી પડી હતી. વિસાવદર બેઠકના ભૂપત ભાયાણીએ વિધાનસભા ખાતે અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું હતું. ભૂપત ભાયાણીએ જણાવ્યું હતું કે, રાજીનામું આપવા પાછળ ઘણાં બધાં કારણો છે. હું રાષ્ટ્રવાદી માણસ છું અને રાષ્ટ્રના હિતમાં કામ કરવા મારા માટે આમ આદમી પાર્ટી યોગ્ય પ્લેટફોર્મ નહોતું, જેથી કરીને મેં મારી જનતા અને કાર્યકર્તાઓને પૂછી મેં નિર્ણય કર્યો છે. કઈ પાર્ટી રાષ્ટ્રવાદી છે અને કઈ પાર્ટી રાષ્ટ્રવાદી નથી એ દેશની જનતા જ જાણે છે.






# JN.1ના 21 પોઝિટિવ કેસ, ઝડપથી સંક્રમિત કરે છે વાયરસ

### ગુજરાતના 13માંથી સાત કેસ અમદાવાદમાં, નવા વેરિયન્ટનો એકપણ નહીં

■ અમદાવાદ

હાલ ગુજરાત અને દેશમાં કોરોનાના નવા વેરિયન્ટ JN.1એ ચર્ચાઓનું જોર પકડ્યું છે. ગુજરાતમાં કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે આજે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે હાલ વિશ્વમાં જોવા મળી રહેલા JN.1 વેરિયન્ટથી લોકોએ ગભરાવાની જરૂર નથી. આ વેરિયન્ટના કેસોમાં એની ઘાતકતા ઓછી જોવા મળી છે, જેથી લોકોએ ગભરાવા નહીં, પરંતુ સતર્કતા રાખવી જરૂરી છે. ગુજરાતમાં આ વેરિયન્ટના એકપણ કેસ નોંધાયા નથી, પરંતુ ભારતમાં આ વેરિયન્ટના 21 કેસ નોંધાયા છે. દુનિયામાં 40 દેશને JN.1એ પોતાની ચપેટમાં લઈ લીધા છે. ગુજરાતમાં કોરોનાની સ્થિતિ વિશે જણાવતાં કહ્યું હતું કે ગુજરાતમાં ઓક્ટોબરની સરખામણીએ ડિસેમ્બર મહિનામાં નોંધાયેલા કેસની સંખ્યા ઓછી છે.



## NEWS FILE

### જીવનમાં અટકશો તો માતા-પિતા ને શિક્ષક જ કામમાં આવશે



આણંદ: વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ 19મી ડિસેમ્બરે શાસ્ત્રી મેદાન ખાતે યોજાયો હતો. જેમાં 4 પીએચડી ડિગ્રી અને 63 ગોલ્ડ મેડલ અને 1394 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી તથા એ એમ નાઈકને ડોક્ટર ઓફ સાયન્સની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. દીક્ષાંત સમારોહને સંબોધતા મુખ્ય મહેમાન ઝાયડસના ચેરમેન પંકજ પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે પદવીદાનનો દિવસ વિદ્યાર્થીઓ, માતાપિતા અને સમાજ માટે ખાસ દિવસ હોય છે. પદવી મળ્યા બાદ હવે વિદ્યાર્થીઓ નોકરી કરવા ભરના વાતાવરણમાં જશે.

### ગિરનાર પર્વતની ગંદકી ઉપર ગુજરાત હાઈકોર્ટે ટકોર કરી

અમદાવાદ: ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ અમિત પંચાલ દ્વારા પાર્ટી ઈન પર્સન તરીકે ગિરનાર પર્વત પર આવેલ અંબાજી મંદિર અને દત્તાત્રેય મંદિર પાસે ગંદકીને લઈને જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. જે સંદર્ભે આજે ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણીમાં સરકારે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મૂકવા રીઝોલ્યુશન કર્યું છે. કોર્ટે કહ્યું હતું કે, એમ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મુકવાથી કાઈ નહિ થાય પ્લાસ્ટિકનો વિકલ્પ આપો.

### કાંકરિયા કાર્નિવલમાં રૂ. 10 કરોડનો વીમો લેવામાં આવ્યો



અમદાવાદ: અમદાવાદના સૌથી મોટા કાર્નિવલ એવા કાંકરિયા કાર્નિવલનો 25 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર સુધી કાંકરિયા લેકફ્રન્ટ ખાતે યોજવાનો છે. વસુદેવ કુટુંબકમ -એક ધરતી -એક પરિવાર -એક ભવિષ્ય થીમ આધારિત હશે. ચાલુ વર્ષે કાંકરિયા કાર્નિવલમાં પ્રખ્યાત ગાયક કલાકાર કિર્તીદાન ગઢવી, દિવ્યા ચૌધરી, યોગેશ ગઢવી, અને પાર્થ ઓઝા સહિતના કલાકારો પોતાના સૂર રેલાવશે. જ્યારે શાહબુદ્દીન રાઠોડ અને જીતુભાઈ દ્વારકાવાળા જેવા હાસ્ય કલાકારો પણ લોકોને ખડખડાટ હસાવશે. પુષ્પકુંજ ગેટ નંબર એક, બાલવાટિકા અને વ્યાયામ શાળા ખાતે ત્રણ સ્ટેજ બનાવવામાં આવશે.

# કોંગ્રેસના વધુ એક ધારાસભ્ય નારાજ

## « પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે કહ્યું- 'મેં 6 મહિના પહેલાં જ કહ્યું હતું કે હું નારાજ છું

### મારી માગણી નહીં સંતોષાય તો પક્ષમાંથી રાજીનામું આપવું પડશે

■ પાટણ

ખંભાત બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય ચિરાગ પટેલે રાજીનામું આપ્યાને હજી ગણતરીના કલાકો જ થયા છે. ત્યાં જ કોંગ્રેસના વધુ એક ધારાસભ્ય પક્ષથી નારાજ હોવાનું સામે આવતા પાર્ટીની સ્થિતિ કફોડી બની છે. પાટણ બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય કિરીટ પટેલે કહ્યું હતું કે, મેં છ મહિના પહેલાં જ પાર્ટીને લેખિતમાં કહ્યું છે કે, મારી માગણી નહીં સંતોષાય તો હું પક્ષમાંથી રાજીનામું ધરી દઈશ. કિરીટ પટેલે પાર્ટીમાં નિર્ણય શક્તિનો અભાવ હોવાની પણ વાત કરી ખૂલીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. કિરીટ પટેલના આ નિવેદનના કારણે હાલ તો પાટણ અને ગાંધીનગરના ઠંડા માહોલમાં ગરમાવો આવી ગયો છે. ત્યારે આગળ જાણીએ કે, એવી કઈ બાબત છે કે, જેનાથી કિરીટ પટેલ નારાજ છે અને પક્ષ છોડવાની વાત કરી રહ્યા છે. ચૂંટણીમાં જે લોકોએ પક્ષવિરુદ્ધ પ્રવૃત્તિ કરી છે તેની સામે કાર્યવાહી કરવામાં નહીં આવે તો હું પક્ષમાંથી રાજીનામું આપીશ.

### પાર્ટીના નેતાઓમાં નિર્ણય શક્તિનો અભાવ- કિરીટ પટેલ



પાટણ બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે કહ્યું હતું કે, કોંગ્રેસ પક્ષમાંથી ધારાસભ્ય રાજીનામું આપે છે તે ચિંતાનો વિષય છે. પક્ષે આ બાબતે જાગૃત થવાની જરૂર છે. ભાજપના 156 ધારાસભ્ય ચૂંટાયા છે ત્યારે એમને સત્તા માટે કોઈ ધારાસભ્યની જરૂર નથી. પરંતુ, જે રીતે આપ અને કોંગ્રેસમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય રાજીનામું આપે તો એ બંને પાર્ટી માટે ચિંતાનો વિષય છે. બંને પાર્ટીઓએ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. શા માટે પક્ષમાંથી ચૂંટાયેલો ધારાસભ્ય રાજીનામું આપે છે તેની ચર્ચા કરવી જોઈએ. અમારી જે નારાજગી હતી. ચૂંટણીમાં જે લોકોએ પક્ષવિરોધી પ્રવૃત્તિ કરી છે જેની લેખિતમાં રજૂઆત કરી છે. એ લોકોને દૂર કરવાના બદલે હોદ્દા આપવામાં આવ્યા, શિસ્તવિરુદ્ધ પ્રવૃત્તિ બદલ કોઈ કાર્યવાહી કરવામાં ન આવે. રજૂઆત કર્યાને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું છતાં કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો તો હું માનું છું કે, આ નિર્ણય શક્તિનો અભાવ છે.

# ગુજરાતમાં ઓપરેશન લોટસ

**ભાજપમાં કોંગ્રેસી નેતાઓએ શાનદાર 'સદી' ફટકારી દીધી** | **20 વર્ષમાં 100 નેતાઓએ પક્ષ પલટો કરી કેસરિયા કર્યા** | **કોંગ્રેસીકરણ થયેલી પાર્ટીમાં કોંગ્રેસના નેતાઓ ભ્રષ્ટાચારી**

## ગુજરાતમાં કોંગ્રેસને મજબૂત થવા દેવી નહીં તેવા હાઇકમાન્ડનો આદેશ

### પ્રદેશ ભાજપની અનિચ્છા છતાં કોંગ્રેસીઓ લેવાતા જાય છે ∞∞

■ ગાંધીનગર

ગુજરાતની રાજનીતિમાં વિપક્ષ કોંગ્રેસની દશા બેઠી છે. આ પાર્ટીમાંથી પક્ષપલટો કરીને અત્યાર સુધીમાં 100 જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસે જેમનો ભાવ પૂછ્યો નહીં અને જેમની કાબેલિયત પર શંકાઓ કરી તેવા નેતાઓ ભાજપમાં ટોચના હોદ્દાઓ પર બેસી ચૂક્યાં છે. વર્તમાન સરકારની કેબિનેટમાં પણ ત્રણ નેતાઓ કેબિનેટ મંત્રી તરીકે કામ કરી રહ્યાં છે. કોંગ્રેસના નરહરિ અમીન અત્યારે રાજ્યસભાના સભ્ય છે. બળવંતસિંહ રાજપૂત, કુંવરજી બાવળિયા અને રાઘવજી પટેલ કેબિનેટ મંત્રી છે, આ ત્રણેયને મલાઈદાર ખાતાઓ આપવામાં આવેલા છે. એટલું જ નહીં પાટીદાર આંદોલનમાંથી ઉભા થયેલા બે યુવા નેતાઓ હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર ભાજપમાં ધારાસભ્ય છે. છેલ્લા 20 વર્ષમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય કે પ્રદેશના પૂર્વ નેતાઓએ ભાજપમાં જોડાઈને સદી ફટકારી છે. કોંગ્રેસના નેતાઓને ભલે સંગઠનમાં ટોચનું સ્થાન મળ્યું ન હોય પરંતુ સરકારમાં મહત્વનું સ્થાન જરૂર મળ્યું છે. સત્તાનો પાવર તેઓ મેળવી રહ્યાં છે. કોંગ્રેસમાં સાઇડટ્રેક થયેલા નેતાઓને 2002થી સ્ટેટેજી પૂર્વક ભાજપ ટોચના સ્થાને બેસાડી રહી છે. હાઈકમાન્ડની કોંગ્રેસના ચહેરાઓને સમમદંડ અને ભેદઅજમાવી પ્રદેશના નેતાઓ અનિચ્છાએ ભાજપમાં ભેળવી રહ્યાં છે. ભાજપને 26માંથી 26 બેઠકોની હેટ્રીક કરવા માટે ચૂંટણી જીતી શકે અથવા જીતાડી શકે તેવા કોંગ્રેસના મજબૂત ચહેરાઓની જરૂર હોવાથી ગુજરાતમાં ઓપરેશન લોટસ શરૂ થયું છે.

### 2002થી 2017 સુધી કોંગ્રેસના 80 જેટલા મોટા માથાઓ ભાજપમાં ગયા

કોંગ્રેસના સંગઠનમાં ત્રણ દસકા કરતાં વધુ સમયથી કામ કરતા નેતાઓ પણ આશ્ચર્ય સાથે ભાજપમાં જોડાયા છે. એવા નેતાઓમાં નરહરિ અમીન, ઉદેસિંહ બારિયા, લીલાધર વાઘેલા, દલસુખ પ્રજાપતિ, નિમા આચાર્ય, જ્યંતિલાલ પરમાર, જવાહર ચાવડા, સુભાષ શેલત, ઉર્વશી દેવી મોહનસિંહ રાઠવા, વિઠ્ઠલ રાદડિયા અને જયરાજસિંહ જાડેજાનું નામ આવે છે. પ્રદેશ કોંગ્રેસને રાજકીય ઈતિહાસ જોઈએ તો 2002થી 2017 સુધી કોંગ્રેસના 80 જેટલા મોટા માથાઓ ભાજપમાં ગયા છે. 20 પૈકી 12 પૂર્વ ધારાસભ્યોને ભાજપે ગઈ વિધાનસભાની ચૂંટણીમાં ટિકીટ આપી હતી પરંતુ તે પૈકી નવ ધારાસભ્ય બની શક્યાં છે.

### ભાજપે 2022ની ચૂંટણીમાં 156 બેઠકો મેળવી હતી, જ્યારે કોંગ્રેસને માત્ર 17 બેઠક મળી

કોંગ્રેસના નેતાઓને ભાજપમાં પક્ષપલટો કરાવીને ભાજપે 2022ની ચૂંટણીમાં 156 બેઠકો મેળવી હતી, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર 17 બેઠકો આવી હતી. છેલ્લા 62 વર્ષમાં આટલો બધો નબળો દેખાવ કોંગ્રેસે ક્યારેય કર્યો નથી. હવે કોંગ્રેસ ફરીથી તૂટી રહી છે. લોકસભાની ચૂંટણી પહેલાં ઓપરેશન લોટસમાં ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલ ફસાયા છે. તેમનું નિવેદન જો સાચુ પડે તો ચૂંટણી આવતાં પહેલાં કોંગ્રેસના બીજા પાંચથી સાત ધારાસભ્યો પક્ષપલટો કરે તો નવાઈ પામવા જેવું નથી. મહત્વનું છે કે કોંગ્રેસના એક ડઝન જેટલા એવા નેતાઓ ભાજપમાં ગયા છે કે જેમની સામે ચૂંટણી સમયે ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ ભ્રષ્ટાચારના આરોપ પણ મૂક્યા હતા. આજે તેઓ દુધે ધોયેલા થઈ ગયા છે.

### 2022ની ચૂંટણીમાં ભગવો ખેસ પહેર્યો અને રાતોરાત ટિકિટ મળી: કોંગ્રેસમાંથી આવેલા આ નેતાઓની બલ્લે બલ્લે

2022ની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા ત્રણ ધારાસભ્યોની ટિકિટ કાપવામાં આવી હતી. જેમાં હકુભા જાડેજા, બ્રિજેશ મેરજા તેમજ પરસોત્તમ છાબરીયાને ટિકિટ મળી નહોતી. જ્યારે ભગવાન બારડ, પ્રદ્યુમનસિંહ જાડેજા, જવાહર ચાવડા, રાઘવજી પટેલ, કુંવરજી બાવળિયા, જેવી કાકાડિયા, જીતુ ચૌધરી, અક્ષય પટેલ, અશ્વિન કોટવાલ તેમજ મોહન રાઠવાના પુત્ર રાજેન્દ્રસિંહ રાઠવાને ટિકિટ આપવામાં આવી હતી. જેમાં મોટાભાગના નેતાઓએ જીત મેળવીને વિધાનસભાનું સભ્યપદ મેળવ્યું હતું. પક્ષપલટા વિરોધી કાયદા છતાં ભારતીય રાજકારણમાં એનું કલંક સંપૂર્ણ મિટાવી શકાયું નથી. ગુજરાતમાં છેલ્લાં 50 વર્ષથી આયારામ-ગયારામથી માંડીને લિયારામ-દિયારામ સુધી પક્ષપલટા થતા રહ્યા છે. ગુજરાતમાં છેલ્લાં 27 વર્ષથી એકહથ્થું શાસન કરી રહેલા ભાજપમાં સત્તા મેળવવા માટે કોંગ્રેસના ધારાસભ્યોનો પણ મોટો ફાળો છે. 2002થી 2022 સુધીનાં 20 વર્ષમાં ભાજપે કોંગ્રેસના 70 જેટલા ધારાસભ્યો અને 2000થી વધુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના ચૂંટાયેલા હોદ્દેદારોની ભાજપમાં ભરતી કરી હતી. એ જોતાં હાલ ભાજપમાં 25 ટકા કોંગ્રેસના આયાતી છે.1960માં રાજ્યની રચના થઈ અને ડો.જીવરાજ મહેતાની કોંગ્રેસી સરકાર અસ્તિત્વમાં આવી. એના 16 ધારાસભ્યોએ પક્ષાંતર કર્યું હતું. 1967થી 1971માં 168 પૈકી 101 ધારાસભ્યોએ પક્ષીય વફાદારી બદલી હતી. ઘનશ્યામ ઓઝા, બાબુભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી અને કેશુભાઈ પટેલે પક્ષપલટાઓનો સામનો કરવો પડ્યો હતો અને સત્તા ગુમાવી હતી. ગુજરાતમાં 2017ની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનને કારણે ભાજપને 20 વર્ષમાં સૌથી ઓછી માત્ર 99 બેઠક જ મળી હતી.

## ઓખા-પુરી એક્સપ્રેસ આંશિક રીતે ડાયવર્ટ કરાઈ

### 22 ડિસેમ્બરની જામનગર- તિરુનેલવેલી એક્સપ્રેસ રદ કરાઈ હતી

■ રાજકોટ

દક્ષિણ મધ્ય રેલવેમાં આવેલા કાજીપેટ-બલ્હારશાહ સેક્શનમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીને લઈ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા-પુરી અને પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. જ્યારે પેરીંગ રેકના અભાવને કારણે, 22 ડિસેમ્બર, 2023ના રોજ જામનગરથી ઉપડનારી ટ્રેન જામનગર-તિરુનેલવેલી એક્સપ્રેસ રદ કરવામાં આવી છે. પુરીથી ઉપડતી ટ્રેન નંબર 20819 પુરી-ઓખા એક્સપ્રેસને આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા વિજયનગરમ, રાયગઢ, જે સ્ટેશનો પર ટ્રેન નહીં જાય તેમાં ચંદ્રપુર, બલ્હારશાહ, સિરપુરકાગજનગર, મંચિર્યાલ, રામગુંડમ, વરંગલ, રાયનપાડુ, વિજયવાડા, ગુણઢલા, એલુરુ, રાજમંડ્રી, સામલકોટ, અનાકાપલ્લી અને વિશાખાપટ્ટનમનો સમાવેશ થાય છે.



## NEWS FILE

### ખેડૂતોનું દેવું માફ કરો તો હું BJPમાં આવું: ઉમેશ મકવાણા



બોટાદઃ ધારાસભ્ય ભૂપત ભાયાણીએ આપને રામરામ કર્યા છે ત્યારે હજુ આપમાંથી કેટલી વિકેટ ખરે છે તે અંગે રાજકીય અટકળો વહેતી થઇ છે. દરમિયાન, આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ પક્ષપલટા માટે તૈયારી દર્શાવી કહ્યું કે, જો સરકાર ગુજરાતના ખેડૂતોનું દેવુ માફ કરે તો હું ભાજપમાં આવવા તૈયાર છું. આપના ધારાસભ્ય હેમંત ખવાએ પણ પક્ષપલટો કરવાની અફવાને નકારી કહ્યું કે, જેલમાં જઇશું પણ રાજીનામુ નહી આપીએ. મતદારોનો વિશ્વાસ અકબંધ રાખીશું. આ તરફ, વિધાનસભા આપના દંડક અને ધારાસભ્ય ઉમેશ મકવાણાએ એવો આક્ષેપ કર્યો કે, ગુજરાતમાં ભાજપ ડરની રાજનીતિ કરી રહી છે.

### કામદારોની અકસ્માતના નામે હત્યા થઈ રહી છે : કોંગ્રેસ

સુરતઃ સુરતની એથર કંપનીમાં દુર્ઘટના બાદ ફરી એક વાર કોંગ્રેસ દ્વારા વહિવટી તંત્ર અને સરકાર સામે આક્ષેપ કર્યા છે, કોંગ્રેસના વિધાનસભાના નેતાએ આક્ષેપ કર્યો છે કે, ગુજરાતમાં હપ્તાખોરના રાજમાં સુરતના માથે મોટું જોખમ, કામદારોની અકસ્માતના નામે હત્યા થઈ રહી છે અને સરકાર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતા નથી. કોંગ્રેસના વિધાનસભાના નેતા અમિત ચાવડાએ આજે સુરતમાં પત્રકાર પરિષદ સંબોધતા કહ્યું હતું કે, કોંગ્રેસમાંથી જે ધારાસભ્ય રાજીનામું આપી જઈ રહ્યાં છે તેઓને સામ-દામ, દંડ-ભેદની નીતિ થી તોડવામાં આવી રહ્યાં છે.

### ઈથનોલ ઉત્પાદન પરનો બેન હટાવાતા ખુશીની લહેર



સુરતઃ કેન્દ્ર સરકારે બે દિવસ પૂર્વે સુગર મીલો ઉપર ઈથેનોલ બનાવા ઉપર મુકેલો પ્રતિબંધ હવે દૂર કરી દેવાતા દક્ષિણ ગુજરાતની સુગર મીલો ખાંડ સાથે ઈથેનોલ પણ ઉત્પાદિત કરી શકશે. દક્ષિણ ગુજરાતની આઠ સુગર મીલ અંદાજે 50થી 60 લાખ લીટર ઈથેનોલ બનાવે છે. આ સુગર મીલમાં ગણદેવી, ચલથાણ, સાયણ, ગણેશ (વટારિયા), નર્મદા, પંડવાઈ, કામરેજ અને મઢી સુગર દ્વારા ઈથનોલ બનાવામાં આવે છે. સ્થાનિક શુગર મીલમાં સી-હેવી મોલાસીસમાંથી ઈથેનોલ બનાવામાં આવે છે. જેમાં ખાંડના ઉત્પાદન બાદ બચતા રસમાંથી ઈથેનોલ બનાવાય છે. એટલે કે, ખાંડની સાથે ઈથેનોલ પણ ઉત્પાદિત કરી શકાશે.

## ખોડલધામ કેન્સર હોસ્પિટલનું નિર્માણ કરાવશે

**« જામનગર સહિત વિવિધ જગ્યાએ મિટીંગ યોજશે...**

### ભૂમિદાનના સંકલ્પને ઘેર-ઘેર પહોંચાડવા જશે નરેશ પટેલ

■ જામનગર

આગામી તારીખ 21મી જાન્યુઆરી 2024ના રોજ કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સાત વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા વધુ એક પ્રકલ્પ સાર્થક બનાવવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે રાજકોટ નજીક આવેલ અમરેલી ગામ ખાતે સર્વ સમાજ માટે અધ્યતન આધુનિક કેન્સર હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. આગામી તારીખ 21 જાન્યુઆરી 2024 ના રોજ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરવામાં આવશે ત્યારે આ ભવ્ય કાર્યક્રમ પ્રસંગના લાખો લોકો શ્રી ખોડલધામ કાગવડ મંદિરના પટાંણગણમાં સાક્ષી બનશે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ દ્વારા 17 ડિસેમ્બર થી ગુજરાત, મહારાષ્ટ્ર સહિત રાજ્યના પ્રવાસની શરૂઆત કરવામાં આવી છે અને તારીખ 17 ડિસેમ્બરના રોજ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલે પ્રવાસની શરૂઆત કરી છે.

### અમરેલીમાં બનાવવવામાં આવશે અધતન કેન્સર હોસ્પિટલ

જામનગર જિલ્લાના પ્રવાસે ખોડલધામ ટ્રસ્ટ ચેરમેન નરેશભાઈ પટેલ જામનગર જિલ્લાના અલગ અલગ તાલુકામાં આમંત્રણ આપવા આવ્યા હતા. જેમાં સૌપ્રથમ ધ્રોલ તાલુકામાં સવારે 10:00 કલાકે ડીએચ મુંગરા કન્યા વિદ્યાલય ખાતે આમંત્રણ આપવા પહોંચ્યા. ત્યારબાદ કાલાવડ ખાતે બપોરે 2.30 વાગે હિરપરા કન્યા વિદ્યાલય ખાતે મોટી સંખ્યામાં હજારો લોકોની હાજરીમાં આમંત્રણ આપ્યું. ત્યારબાદ જામજોધપુર તાલુકાના માંડાસણ ગામે સાંજે 4.30 કલાકે શ્રી સરદાર પટેલ સેવા સમાજમાં લેઉવા પટેલ સમાજના લોકોને આમંત્રણ આપ્યું. ત્યારબાદ સાંજે 6:30 કલાકે જામનગર શહેરમાં સરદારધામ સોસાયટી રણજીતસાગર રોડ મયુર ટાઉનશીપ પાછળ હજારો સંખ્યામાં ખોડલધામના આગેવાનો તેમજ લેવા પટેલ સમાજના લોકોને રૂબરૂ આમંત્રણ આપ્યું. જામનગર શહેરમાં સરદારધામ સોસાયટી રણજીતસાગર રોડ મયુર ટાઉનશીપ પાછળ ગ્રાઉન્ડમાં રાજકોટ નજીક અમરેલી ખાતે અતિ આધુનિક કેન્સર હોસ્પિટલનું નિર્માણ પામનાર છે. તેના ભૂમિપૂજન માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ પધારી રહ્યા છે ત્યારે સાંજ છ વાગ્યે ખાસ લોકસાહિત્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મનસુખભાઈ વસોયા (ખીલોરીવાળા)ઉપસ્થિત રહેશે અને લોકસાહિત્ય ડાયરાની જમાવટ કરશે.

# જ્યારે ભક્તિ સાથે ભાવ પણ ભળે છે, ત્યારે ઈશ્વરને પણ સાંભળવું પડે છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 12**

આખા ઘરમાં આ જગ્યા, શુભાની સૌથી મનપસંદ જગ્યા હતી. ઘડિયાળમાં સાંજે સાતનો ડંકો પડે એટલે તુલસી અને શુભા ભગવાનની આરતી કરતા અને આરતી પછી તુલસી ભજન ગાતી અને નાનકડી શુભા એને ઝીલતી.

આ રોજિંદો ક્રમ હતો. શુભાના ગયા પછી કેટલાંક દિવસો તુલસી આ બધાથી અલિપ્ત રહી. પછી એણે વિચાર્યું કે, જ્યારે મારે ભગવાનના આશીર્વાદની સૌથી વધારે જરૂર છે. ત્યારે જ હું ભગવાનને ભૂલી જાઉં?

આમ વિચારીને તુલસીએ ફરી આ ક્રમ ચાલુ કર્યો. આરતી કરી લેતી, પરંતુ ભજન ગાવા માટે જાણે કે જીભ ખુલતી જ નહોતી.

આજે દીવો કરતાં તુલસી મહાદેવને વિનવી રહી. પ્રભુ કાલે સવારે શુભાને ગયે પચાસ દિવસ પૂરા થઈ જશે. જો તું મારાથી નારાજ છે, તો મને સજા કર. મારી દીકરીને શા માટે? મને તું દીકરીનું સુખ આપવા નથી માંગતો, તો કંઈજ વાંધો નહીં. ના આપતો મને એ સુખ. બસ એટલી કૃપા કર પ્રભુ કે મારી દીકરી જ્યાં હોય સલામત હોય ને સુખી હોય. કોઈક પોતા નાની છત્રછાયામાં હોય. એ હજુ ઘણી જ નાની છે, કોઈકના રક્ષણની હજુ એને જરૂર છે

પોતાના એટલે કોણ? તું અખિલની વાત કરે છે? તુલસીની અંદરથી જાણે બીજું જ કોઈ બોલ્યું. અખિલ સિવાય બીજું કોણ વળી? તેજ તો કોર્ટમાં સાબિત કર્યું હતું ને કે અખિલ શુભાનો બાપ છે. બાપ તો પોતાનો જ કહેવાય ને. પણ એ ક્યાં એનો બાપ છે?

તો તે સાબિત કર્યું એનું શું? એખોટું?

હા-હા હજાર વાર ખોટું.અખિલ એનો બાપ નથી.

તો એની પર લગાવેલો બળાત્કારનો આરોપ ખોટો છે ને! તે ખોટું બોલ્યું છે, એક નિર્દોષને સજા કરી છે. ભગવાન તારું શું કામ સાંભળે?

ના-ના એ નિર્દોષ નથી. એણે મારી માસુમ, નિર્દોષ દીકરીનું અપહરણ કર્યું છે. એ ગુનેગાર છે.

એ ગુનેગાર નહોતો, તે બળાત્કારનો ખોટો આરોપ એના પર મૂકીને એને ગુનેગાર બનવા મજબૂર કર્યો છે.

તુલસીના મનનાં જાણે કે બે ભાગ પડી ગયા હતાં, ને બંને ભાગ અંદરોઅંદર લડી રહ્યા હતાં. એક ભાગ તુલસીને દોષી માનતો હતો, તો બીજો ભાગ અખિલને દોષી માનતો હતો.


આ દ્વંદ્વથી તુલસીનું મન-મગજ બહુ જ થાકી ગયું. આ પીડામાંથી છૂટવા એણે આંખો બંધ કરી, બે હાથ જોડ્યાને શંકર ભગવાનને કહ્યું કે 'હે શિવ શંભુ, દોષી જે કોઈ હોય, જો હું હોઉં તો પણ મારા કર્મોની સજા મારી દીકરીને નહીં આપતા પ્રભુ.

મારા અવગુણોને નજર અંદાજ કરજો. મારી દીકરીના નસીબ આડે મારા કોઈ અવગુણને નહિ મુકતા.

આવી પ્રાર્થના કરતાં-કરતાં તુલસીનો કંઠ રુંધાઈ ગયો ને એના મુખમાંથી ભજન સરી પડ્યું.

' પ્રભુ મોરે અવગુણ ચિત્ત ના ધરો......
સમદર શી હૈ ના મતિ હારો, ચાહે તો પાર કરો......
પ્રભુ મોરે અવગુણ ચિત્ત ના ધરો......'

ભાવવિભોર કંઠે ગવાતુ એ ભજન ઈન્સ્પેક્ટરના કાને સંભળાયું. આ સાથે જ ઘરમાં પ્રવેશવા જતા એના પગ આપોઆપ બગીચા બાજુ વળ્યાં. સંધ્યા સમય, મંદિરમાં પ્રજ્વલિત દીવો, મોગરાની અગરબત્તીમાંથી નીકળતી



મોહક સુગંધ, ધીમા પવનને લીધે વાગતી ઘંટડીઓનો ધીમો-ધીમો મધુર-મીઠો રણકાર. પવનને લીધે થોડી અમળાતી,વળખાતી આરતીની જ્યોત. આ બધામાં સંજીવની પૂરતું તુલસીનું ભજન.

જ્યારે ભક્તિ સાથે ભાવ પણ ભળે છે, ત્યારે ગજબનું સાયુજ્ય રચાય છે. ઈશ્વરને પણ ત્યારે સાંભળવું પડે છે.

ઈન્સ્પેક્ટર તો જાણે કોઈક બીજી જ દુનિયામાં પહોંચી ગયા હોય એવું અનુભવી રહ્યા હતા. અહીં હોવા છતાંયે અહીં નહોતા. સંગીતના ગીત-ગઝલોના શોખીન ઈન્સ્પેક્ટરે આવો મીઠો, માર્દવતાભર્યો, દર્દભર્યો અવાજ આજે પહેલીવાર જ સાંભળ્યો હતો. એના દરેક શબ્દે દર્દ ટપકતું હતું અને દર્દ નો ગુણાકાર જાણે કે થઈ રહ્યો હતો.

નામી ગાયક-ગાયિકાઓના અવાજમાંયે આવો બ્રાસ એણે કદી નહોતો અનુભવ્યો. પોતાની ચારે બાજુ એમને કોસ્મિક આંદોલનો વિખેરાયેલા અનુભવ્યા.

તુલસી ઈશ્વર સાથેના અનુસંધાનમાં હતી અને ઈન્સ્પેક્ટર આ દર્દભર્યા શબ્દો અને તેના ભાવના અનુસંધાનમાં હતા.

લક્ષ્મીપ્રસાદ બહારથી આવ્યા, ઘરની બહાર જ પોલીસની જીપ ઊભેલી જોઈ. એને જોઈને જ એમનું મન ખાટુ થઈ ગયું. હવે એમને પોલીસને જોઈને સખત અણગમો થતો હતો. બે માણહ આખાને આખા ગુમ થઈ જાય, ને એની કાંઈ ભાળ ના મળે?

અખિલ કરતાયે એમને શુભાની ચિંતા વધારે થતી હતી. ફુલ જેવી કોમળ દીકરી ક્યાં હઈશે? રામ જાણે. આ પોલીસવાળા કામચોર જ છે. ઈ ધારે તો હુ ના કરી હકે? હંધુયે થાય, ગોતવાની દાનત હોય તો ને. પાછા હુ કરવા ગુડાણા છે?

આમ વિચારતા-વિચારતા એ ઘરમાં ગયા. ડ્રોઈંગરૂમમાં, બેડરૂમમાં બધે જ જોઈ વળ્યાં પણ કોઈ ના દેખાયુ એટલે એમણે બૂમ પાડી. 'અખિલની મા એ અખિલની મા'

રૂખીબહેન રસોડામાંથી બહાર આવ્યા એટલે લક્ષ્મીપ્રસાદે એમને પૂછ્યું 'ઈન્સ્પેક્ટર ક્યાં છે?'

' કેમ? ઈ આવવાના હતા?'

'બાર જીપ તો પયડી છે.' ત્યાં જ તુલસીનું ભજન એમના કાને સંભળાયું ને તરત જ એ બહાર બગીચામાં આવ્યા. ત્યાં તુલસીને ભજન ગાતી જોઈ ને ઈન્સ્પેક્ટરને ત્યાં ઉભેલા જોયા. લક્ષ્મીપ્રસાદ ઈન્સ્પેક્ટરની સામે નજીક જઈને ઊભા રહ્યા. **ક્રમશઃવધુઆવતાઅંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

# સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

સુવર્ણ શુભ અવસર આવવાના છે. કોઈ મોટી સ્કીમમાં રોકાણ કરવા સમય ફાયદાકારક રહેશે. તમને કોઈ સંબંધી દ્વારા અથવા ફોન દ્વારા કેટલીક વિશેષ માહિતી પ્રાપ્ત થશે. તમે માનસિક રીતે વધુ હળવાશ અનુભવશો. સમજદારીપૂર્વક કરેલા વ્યવહારો તમારા માટે ફાયદાકારક રહેશે. અનિચ્છનીય યાત્રા કરવી પડી શકે છે.

### વૃષભ



(બ.વ.ઉ)

કોઈ ઈચ્છિત કાર્ય સમયસર પૂર્ણ થશે તો મન પ્રસન્ન રહેશે. સંજોગો અનુસાર તાત્કાલિક નિર્ણય લેવાથી લાભ થશે. જો તમારે તમારો વિકાસ કરવો હોય તો તમારા માટે થોડું સ્વાર્થી પણ હોવું જરૂરી છે. જીવનમાં બધું જ હોવા છતાં તમે થોડી ઉદાસી અનુભવશો. નકારાત્મકતાને તમારા પર હાવી ન થવા દો અને તમારી જાતને વ્યસ્ત રાખો.

### મિથુન



(ક.છ.ઘ)

તમને કેટલીક ખાસ તકો મળવાની છે, તેને તરત જ પકડી લો. લાંબા સમયથી પેન્ડિંગ કે અટવાયેલા કામને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સાનુકૂળ પરિણામ મળવાની સંભાવના છે. વધતા ખર્ચને રોકવો જરૂરી છે. પૈસા સંબંધિત લેવડ-દેવડ સાવધાની સાથે કરવા અથવા તેને મુલતવી રાખવા વધુ સારું રહેશે.

### કર્ક



(ડ.હ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા કામના અતિરેકથી થોડી રાહત મળશે. અને મોટાભાગનો સમય પરિવાર સાથે આરામ અને મનોરંજનમાં પસાર થશે. સારી પરસ્પર સંવાદિતાના કારણે ઘરનું વાતાવરણ સકારાત્મક રહેશે. બેદરકારીના કારણે કેટલાક મહત્વપૂર્ણ કામ અધૂરા રહી શકે છે. જેના કારણે થોડુ નુકશાન થવાની સંભાવના છે.

### સિંહ



(મ.ટ)

જો કોઈ સરકારી બાબત ચાલી રહી હોય તો આજે તમને તેનાથી સંબંધિત સારા સમાચાર સાંભળવા મળી શકે છે. નાણાંકીય અને કુટુંબ સંબંધિત બાબતો અંગે તમે લીધેલા નિર્ણયો સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવશે. તમારા અંગત કામમાં વ્યસ્ત રહો. ઉપરાંત, તમારી ક્ષમતા અનુસાર જ કોઈને વચનો આપો.

### કન્યા



(પ.ઠ.ણ)

દિનચર્યાનું આયોજન કરવામાં આવશે. સમાન વિચારવાળા વ્યક્તિ સાથે મુલાકાત કરીને તમે ઘણી નવી વસ્તુઓ શીખી શકશો. તમને કોઈ શુભ કાર્યમાં હાજરી આપવાનું આમંત્રણ મળશે. વ્યક્તિત્વ પણ સુધરશે. ઘરમાં ચાલી રહેલી કોઈપણ સમસ્યાને ઉકેલવા માટે ગુસ્સાને બદલે બુદ્ધિનો ઉપયોગ કરો. બાળકો સાથે સહકારભર્યું વર્તન રાખો.

### તુલા



(ર.ત)

કોઈપણ કાર્ય કરતા પહેલા તેના તમામ પાસાઓ પર યોગ્ય રીતે વિચાર કરો. આ સાથે તમે જે પણ કામ કરશો તેમાં તમને સફળતા મળશે. મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં યોગ્ય સંવાદિતા સર્જશે. જમીન સંબંધિત કામમાં વધુ લાભની આશા ન રાખો કારણ કે વધુ મેળવવાની ઈચ્છાથી નુકસાન થઈ શકે છે. તેથી અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

### વૃશ્ચિક



(ન.ય)

કોઈ ઈચ્છા પૂરી થવા જઈ રહી છે. તમારી ક્ષમતાઓ લોકોને સ્પષ્ટપણે દેખાશે, તેથી લોકોની પરવા ન કરો અને તમારી ઈચ્છા મુજબના કામ પર જ ધ્યાન આપો. પ્રથમ અફવાઓ ઊભી થશે. ક્યારેક કેટલાક પ્રતિકૂળ સંજોગો પણ ઊભા થશે. જો તમે જીતશો તો અહંકાર અને અભિમાન પણ તમારા પર હાવી થઈ શકે છે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

દિવસ મિશ્રિત પ્રભાવો સાથે રહેશે. પ્રતિકૂળ સંજોગોમાં તમારું મનોબળ અને આત્મવિશ્વાસ જાળવી રાખો, વડીલોના માર્ગદર્શનથી મુશ્કેલ માર્ગ સરળ બનશે. ધૈર્યથી કરેલ કાર્ય પણ શુભ ફળ આપશે. જો કોઈ મિલકત અથવા અન્ય વિવાદ ચાલી રહ્યો છે, તો તે આજે શાંતિપૂર્ણ રીતે ઉકેલી શકાય છે.

### મકર



(ખ.જ)

તમારી યાત્રા દરમિયાન કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. પરસ્પર વિચારોના આદાનપ્રદાન દ્વારા ઘણા ઉકેલો મળશે અને આ સંપર્કો પણ નજીકના ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે. યુવાનોએ તેમના કોઈપણ પ્રયાસમાં ખૂબ જ સખત મહેનત કરવાની જરૂર છે. વેપારમાં વિસ્તરણ સંબંધિત સિદ્ધિઓ તમારી રાહ જોઈ રહી છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

નાની-નાની અવરોધો છતાં કામ પૂરા થશે. જો તમે સ્થળાંતર કરવાનું વિચારી રહ્યા છો, તો પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે આજનો શ્રેષ્ઠ સમય છે. થોડા સમય માટે ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન લાવશે. તમારા સાસરિયાં સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવવા માટે તમારા ખાસ પ્રયાસો જરૂરી છે.

### મીન



(દ.ચ.ઝ.થ)

આર્થિક યોજનાઓને સાકાર કરવા માટે યોગ્ય સમય છે. બગડેલા સંબંધોને સમયસર રિપેર કરો. આ સંબંધ તમારા માટે ફાયદાકારક સાબિત થશે. જો તમને કોઈ જરૂરતમંદની મદદ કરવાની તક મળે તો ચોક્કસ કરો. નહિંતર, તમે લાગણીઓને કારણે પોતાને નુકસાન પહોંચાડી શકો છો. બિનજરૂરી ખર્ચ પણ ઘણો થશે.



# શાહરુખની પત્ની ગૌરી ખાનને EDની નોટિસ

## બ્રાન્ડ એમ્બેસેડર હોવાથી 30 કરોડ પડાવનારી તુલસિયાની ગ્રૂપની જાહેરાત કરી હતી

■ લખનૌ

ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ બોલિવૂડ એક્ટર શાહરુખ ખાનની પત્ની ગૌરી ખાનને નોટિસ મોકલી છે. ગૌરી ખાન લખનૌ સ્થિત રિયલ એસ્ટેટ કંપની તુલસિયાની ગ્રૂપની બ્રાન્ડ એમ્બેસેડર છે. આ કંપની પર રોકાણકારો અને બેંકોના લગભગ 30 કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ છે. ગૌરી ખાન પણ આ કંપનીની તપાસ હેઠળ આવી રહી છે. ગૌરી ખાનને 2015માં તુલસિયાની ગ્રૂપ દ્વારા તેની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી હતી. લખનૌના સુશાંત ગોલ્ફ સિટીમાં તુલસિયાની ગ્રૂપનો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં એક ફ્લેટ મુંબઈના રહેવાસી કિરીટ જસવંત શાહે 2015માં 85 લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. કિરીટ જસવંત શાહનો આરોપ છે કે કંપનીએ તેમને ન તો પઝેશન આપ્યું કે ન તો પૈસા પરત કર્યા. આ પછી જસવંત શાહે તુલસિયાની ગ્રૂપના ડાયરેક્ટર અનિલ કુમાર તુલસિયાની, મહેશ તુલસિયાની અને ગૌરી ખાન સામે કેસ દાખલ કર્યો હતો.

ગૌરી ખાનને મોકલવામાં આવેલી નોટિસમાં EDની લખનઉ શાખાએ પૂછ્યું છે કે તુલસિયાની ગ્રૂપે તેને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા માટે કેટલી રકમ ચૂકવી છે. આ પૈસા તેમને કેવી રીતે આપવામાં આવ્યા? આ માટે કયા કોન્ટ્રાક્ટ પર સહી કરવામાં આવી છે અને આ કોન્ટ્રાક્ટના કાગળ પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને બતાવવા માટે કહેવામાં આવ્યું છે. નોટિસમાં એ પણ પૂછવામાં આવ્યું હતું કે તુલસિયાની ગ્રૂપે તેમના બેંક ખાતામાં કેટલી રકમ ચૂકવી છે.

**ફરિયાદીએ કહ્યું- ગૌરીની જાહેરાત જોઈને ફ્લેટ ખરીદ્યો હતો**

ફેબ્રુઆરી 2022માં લખનઉના સુશાંત ગોલ્ફ સિટી પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદમાં કિરીટ જસવંત શાહે કહ્યું- મેં ગૌરી ખાનની જાહેરાત જોઈને ફ્લેટ ખરીદ્યો હતો. તેમની વિશ્વસનીયતા બ્રાન્ડ સાથે જોડાયેલી હતી. હવે બિલ્ડર ન તો ફ્લેટનું પઝેશન આપી રહ્યો છે અને ના પૈસા પરત કરી રહ્યો છે.

NEWS FILE

## દારૂની બંધાણી થઈ ગઈ હતી, પણ હવે 8 વર્ષથી બંધ છેઃ શ્રુતિ



મુંબઈઃ કમલ હાસનની દીકરી શ્રુતિ હસને કબૂલ કર્યું છે કે એક સમયે પોતે દારૂની લતે ચઢી ગઈ હતી. જોકે, હવે આઠ વર્ષથી પોતે દારુનું ટીપું પણ ચાખ્યું નથી. સાઉથ તથા બોલીવૂડની ફિલ્મોમાં કામ કરી ચૂકેલી શ્રુતિએ સ્વીકાર્યું છે કે તેની જિંદગીમાં એક સમય એવો આવ્યો હતો જ્યારે પોતે હંમેશાં નશામાં ધૂત રહેતી હતી. મિત્રો સાથે પાર્ટી કરવી, પુષ્કળ દારૂ પીવો, હેન્ગ ઓવર થઈ જવો આ બધું તેના માટે રોજિંદી વાત હતી. જોકે, તેણે દાવો કર્યો છે કે પોતે ક્યારેય જિંદગીમાં કોઈ માદક દ્રવ્યનું સેવન કર્યું નથી. તેણે એવો પણ દાવો કર્યો છે કે પોતે આઠ વર્ષથી દારૂ પીવાનું બંધ કરી દીધું છે. હવે ઉલ્ટાનું પોતે કોઈ પાર્ટીમાં જાય છે અને ત્યાં કોઈ દારૂ માટે આગ્રહ કરે છે તો તે અસહજતા અનુભવે છે.

# મેડમ તુસાદમાં રણવીર સિંહના 2 વેક્સ સ્ટેચ્યુ બનાવવામાં આવ્યા

## 'સ્ટેચ્યુ એ જ મ્યુઝિયમમાં જ્યાં માતા-પિતા ફોટોગ્રાફ્સ ક્લિક કરાવતા હતા'


■ લંડન

બોલિવૂડ એક્ટર રણવીર સિંહે મેડમ તુસાદ મ્યુઝિયમમાં પોતાનું વેક્સ સ્ટેચ્યુ લોન્ચ કર્યું. આ મ્યુઝિયમમાં રણવીરની એક નહીં પરંતુ બે વેક્સ સ્ટેચ્યુઓ લગાવવામાં આવ્યા સોમવારે, અભિનેતાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ઈવેન્ટની તસવીરો શેર કરી અને એક ઈમોશનલ નોટ. આ પોસ્ટમાં રણવીરે તેના બંને સ્ટેચ્યુ સાથે ફોટો શેર કર્યા છે. તસવીરો શેર કરતી વખતે રણવીરે લખ્યું, 'જ્યારે હું મોટો થઈ રહ્યો હતો, ત્યારે વિશ્વ વિખ્યાત હસ્તીઓ સાથે મારા માતા-પિતાના ફોટા જોઈને હું પ્રભાવિત થઈ જતો હતો. પછી એક દિવસ મને ખબર પડી કે તે લંડનની પ્રખ્યાત મેડમ તુસાદમાં વેક્સ સ્ટેચ્યુ છે. આ મ્યુઝિયમનું આકર્ષણ મારી સાથે રહ્યું અને હવે મેં અહીં મારી પોતાનું વેક્સ સ્ટેચ્યુ મૂક્યું છે.

રણવીરે આગળ લખ્યું- 'દુનિયાની શ્રેષ્ઠ વ્યક્તિઓમાંની એક મારી પ્રતિમાને જોયા પછી હું દરેકનો આભાર વ્યક્ત કરવા માંગુ છું.

આ લોન્ચ ઈવેન્ટમાં રણવીર તેની માતા અંજુ ભવનાની સાથે પહોંચ્યો હતો. તેણે તેની માતા સાથે એક ઈન્સ્ટા સ્ટોરી પણ શેર કરી છે. તેણે લખ્યું- 'મારી આખી દુનિયા... મા... જુઓ તેને કેટલો ગર્વ છે.'

જો રિપોર્ટ્સનું માનીએ તો રણવીરે આ વેક્સ સ્ટેચ્યુની પ્રક્રિયા દરમિયાન મ્યુઝિયમની ટીમને તેના ઈનપુટ્સ પણ આપ્યા છે. અહીં હાજર તેમની બે પ્રતિમાઓમાંથી એક લંડનમાં અને એક સિંગાપોરમાં પ્રદર્શિત કરવામાં આવશે. રણવીરનું લંડન સ્ટેચ્યુ નિયોન શેરવાનીમાં જોવા મળી રહ્યું છે. તેના આઉટફિટ્સમાં ઘણું ડિટેલિંગ વર્ક કરવામાં આવ્યું છે. આ સિવાય તે ટ્રિપલ લેયર્ડ ડાયમંડ અને પર્લ નેકલેસ સાથે રત્ન સેટ રિંગ્સ પણ પહેરેલો જોવા મળે છે.



## કાજોલ પહેલીવાર હોરર ફિલ્મમાં કામ કરતી જોવા મળશે



મુંબઈઃ કાજોલ પહેલીવાર એક હોરર ફિલ્મમાં કામ કરવાની છે. આ ફિલ્મને હાલ હંગામી ધોરણે 'માં' ટાઈટલ અપાયું છે. આ ફિલ્મનું નિર્માણ તેનો પતિ અજય દેવગણ જ કરી રહ્યો છે. વિશાળ ફુરિયા ફિલ્મનું દિગ્દર્શન કરશે. ફિલ્મની સ્ટોરી વિશે કોઈ વિગતો પ્રગટ કરવામાં આવી નથી. જોકે, ફિલ્મનું પ્રિ પ્રોડક્શનનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને આવતા મહિનેથી શૂટિંગ પણ શરુ થઈ જશે. કાજોલના જણાવ્યા અનુસાર પોતે ક્યારેય કોઈ હોરર ફિલ્મમાં કામ કર્યું નથી એટલે જ તેણે આ ચેલેન્જ સ્વીકારી છે. કાજોલ છેલ્લા કેટલાય સમયથી મોટાપાયે કમબેક માટે ફાંફા મારી રહી છે. તેણે ઓટીટીના પણ કેટલાક પ્રોજેક્ટસ કર્યા છે પરંતુ ધારી સફળતા મળી નથી. કાજોલ આગામી ફિલ્મ 'સરજમીન'માં તેના એક સમયના કો સ્ટાર સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ અલી ખાનની સહકલાકાર હશે.

## સામંથા રૂથ પ્રભુ 2024માં એક્ટિંગમાં પુનરાગમન કરશે

મુંબઇ : ઓટો ઈમ્યુન બીમારી માયોસાઈટીસની સારવારના કારણે આશરે એક વર્ષથી એક્ટિંગમાં બ્રેક લેનારી સામંથા



રુથ પ્રભુ ૨૦૨૪થી ફરી એક્ટિંગ શરુ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અભિનેત્રી આવતા વરસની શરૂઆતથી એકટિંગ શરૂ કરવાની યોજના કરી રહી છે. તે કદાચ વેબ શો 'સીટાડેલ'નાં પ્રમોશનમાં પણ ભાગ લેશે. . સામંથા ઓટિયોમ્યુન બીમારીથી પીડાઈ રહી છે અને અમેરિકામાં તે સારવાર લેવાની સાથેસાથે દુનિયાની સફર કરી રહી છે.

# સુશાંત રાજપૂતના મોત અંગે વિક્રાંત મેસીનું નિવેદન, માહિતી વિના લોકો તેની જિંદગી વિશે એલફેલ બોલે છે

■ નવી મુંબઈ

અભિનેતા વિક્રાંત મેસી આ વર્ષે ફિલ્મ '12મી ફેલ'ને કારણે ચર્ચામાં છે. વિધુ વિનોદ ચોપરા દ્વારા નિર્દેશિત આ ઓછા બજેટની ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર પ્રદર્શન કર્યું છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન એક્ટરે સુશાંત સિંહ રાજપૂતના મોત બાદ સોશિયલ મીડિયા પર થયેલી ચર્ચા અને મીડિયા ટ્રાયલ પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. વિક્રાંત મેસી કહે છે કે, સુશાંત સિંહ રાજપૂતના આત્મહત્યાના કેસ પર લોકો જે રીતે પ્રતિક્રિયા આપી રહ્યા છે તેનાથી તે ખૂબ જ પરેશાન છે. એક વાતચીતમાં વિક્રાંતને પૂછવામાં આવ્યું કે, શું છેલ્લા કેટલાક વર્ષોમાં તેમની પેઢીના કલાકારોની આત્મહત્યાએ તેમને પરેશાન કર્યા છે? વિક્રાંતે કહ્યું કે, 'હા, ખાસ કરીને સુશાંત સિંહ રાજપૂતને લઈને ચિંતિત છું,સુશાંતના મૃત્યુ પછી મીડિયા ટ્રાયલ અને લોકોની પ્રતિક્રિયા જોઈને મને દુખ થયુ હતુ.

# IPL ઓક્શનમાં વિદેશી પ્લેયર્સની બોલબાલા

## 3 કાંગારૂઓ 55 કરોડ રૂપિયા લઈ ગયા, ચેન્નઈની ટીમમાં એકપણ નહીં

## 26 બોલર્સ પર 90 કરોડનો વરસાદ ભારતીયોમાં ઓલરાઉન્ડર ચમક્યા

**નવી દિલ્લી: આ વખતે પણ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઓક્શનમાં રેકોર્ડબ્રેક બોલી લાગી હતી. ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્ક, પેટ કમિન્સ અને સ્પેન્સર જોન્સન પર 55.25 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ઓક્શનમાં 10 ટીમે 72 ખેલાડીઓને 230.45 કરોડ રૂપિયામાં ખરીદ્યા. જેમાં સૌથી વધુ 90.05 કરોડ રૂપિયા 26 બોલરો પર ખર્ચાયા હતા. 30 વિદેશી અને 42 ભારતીય ખેલાડીઓ વેચાયા હતા. ભારતીયોમાં, 34 અનકેપ્ડ ખેલાડીઓને ટીમે ખરીદ્યા, જેમાંથી 9 કરોડપતિ બન્યા. જ્યારે 15 ભારતીય ઓલરાઉન્ડરો પર 26.35 કરોડ રૂપિયા ખર્ચાયા હતા. 8 કલાકના લાંબા ઓક્શન પછી પણ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સની ટીમ કમ્પ્લીટ નથી થઈ. KKRમાં 2 ખેલાડીઓ અને RRમાં 3 ખેલાડીઓની જગ્યાઓ ખાલી છે. જ્યારે દિલ્હી કેપિટલ્સે તમામ 25 ખેલાડીઓને ખરીદ્યા પછી પણ 9.90 કરોડ રૂપિયા બચાવ્યા હતા...**

### ઓલરાઉન્ડરોમાં બોલરોનું વર્ચસ્વ

ઓક્શનમાં 72 ખેલાડીઓ વેચાયા હતા, જેમાં 26 બોલર અને 25 ઓલરાઉન્ડર હતા. બોલરો પર 90.05 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ઓસ્ટ્રેલિયાનો મિચેલ સ્ટાર્ક સૌથી મોંઘો બોલર હતો, તેને કોલકાતા નાઈટ રાઈડર્સે 24.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ઉમેશ યાદવ ભારતીયોમાં સૌથી મોંઘો હતો, તેને ગુજરાતે 5.80 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. 25 ઓલરાઉન્ડર પર 78.85 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ઓસ્ટ્રેલિયાનો પેટ કમિન્સ સૌથી મોંઘો હતો, તેને સનરાઈઝર્સ હૈદરાબાદે 20.45 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

### માત્ર 8 વિકેટકીપર વેચાયા, એનકેપ્ડ કુમાર કુશાગ્ર સૌથી મોંઘો ખેલાડી બન્યો, સમીર રિઝવીને લોટરી

10 ટીમે 8 વિકેટકીપર પર સૌથી ઓછા 13.35 કરોડ રૂપિયા ખર્ચ્યા. આમાં પણ અનકેપ્ડ કુમાર કુશાગ્ર સૌથી મોંઘો હતો. તેને દિલ્હી કેપિટલ્સે રૂ. 7.20 કરોડમાં ખરીદ્યો હતો. વિદેશીઓમાં દિલ્હીએ શાઈ હોપને 75 લાખ રૂપિયા આપીને ટીમનો ભાગ બનાવ્યો હતો. 13 બેટર્સ પર 44.20 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. અહીં પણ અનકેપ્ડ ખેલાડીઓ બાજી મારી ગયા હતા. સમીર રિઝવી સૌથી મોંઘો રહ્યો. તેને ચેન્નઈ સુપર કિંગ્સે 8.40 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. વિદેશીઓમાં સાઉથ આફ્રિકાના રિલે રુસોને પંજાબ કિંગ્સે 8 કરોડ રૂપિયામાં ટીમનો ભાગ બનાવ્યો હતો.

### IPL ઓક્શનનો ટ્રેન્ડ ;આ વર્ષે સૌથી વધારે કિંમત વિદેશી ખેલાડીઓને આપવામાં આવી

| બોલર્સ - 26 બોલર | 25 ઓલરાઉન્ડર | 13 બેટ્સમેન | 8 વિકેટકીપર |
|---|---|---|---|
| 90.05 કરોડ રૂપિયા | 78.85 કરોડ રૂપિયા | 44.20 કરોડ રૂપિયા | 13.35 કરોડ રૂપિયા |


### IPL-2024 ઓક્શનના ટોપ-5 વિદેશી ખેલાડી

1) મિશેલ સ્ટાર્ક, KKR



24.75 કરોડ રૂપિયા
2 કરોડ બેઝ પ્રાઈઝ

2) પેટ કમિન્સ, SRH



20.50 કરોડ રૂપિયા
2 કરોડ બેઝ પ્રાઈઝ

3) ડેરિલ મિશેલ, CSK



14 કરોડ રૂપિયા
1 કરોડ બેઝ પ્રાઈઝ

4) અલ્ઝારી જોસેફ, RCB



11.50 કરોડ રૂપિયા
1 કરોડ બેઝ પ્રાઈઝ

5) સ્પેન્સર જોન્સન, GT



10 કરોડ રૂપિયા
50 લાખ બેઝ પ્રાઈઝ

### વિદેશીઓના અડધો અડધ પૈસા 6 ઓસ્ટ્રેલિયન્સ લઈ ગયા

ઓક્શનમાં 30 વિદેશી ખેલાડીઓ પર 151.10 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. આમાંથી લગભગ અડધા રૂપિયા (68.05 કરોડ) ઓસ્ટ્રેલિયાના 6 ખેલાડીઓને ખરીદવામાં જતા રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડમાંથી સૌથી વધુ 6-6 ખેલાડીઓ વેચાયા હતા. ઈંગ્લેન્ડના 6 ખેલાડીઓ પર માત્ર 13.10 કરોડ રૂપિયા ખર્ચાયા હતા, પરંતુ ઓસ્ટ્રેલિયાના 6 ખેલાડીઓ પર 68.05 કરોડ રૂપિયા ખર્ચાયા હતા. જેમાંથી રૂ. 55.25 કરોડ સ્ટાર્ક, કમિન્સ અને સ્પેન્સર જોન્સન પર ખર્ચાયા હતા.

**42 ભારતીયો વેચાયા, 14 કરોડપતિ બન્યા** IPLમાં વિદેશી ખેલાડીઓ સૌથી વધુ મોંઘા વેચાય છે, પરંતુ ભારતીય ખેલાડીઓ જ ટુર્નામેન્ટનો જીવ છે. આ વખતે પણ 42 ભારતીય ખેલાડીઓ પર 79.45 કરોડ રૂપિયા ખર્ચાયા છે. 14 ખેલાડીઓ કરોડપતિ બન્યા, જેમાંથી 9 અનકેપ્ડ છે.

### IPL-2024 ઓક્શનમાં ટોપ-5 ભારતીય

1) હર્ષલ પટેલ, PBKS



11.75 કરોડ રૂપિયા
2 કરોડ બેઝ પ્રાઈઝ

2) સમીર રિઝવી, CSK



8.40 કરોડ રૂપિયા
20 લાખ બેઝ પ્રાઈઝ

3) શાહરુખખાન, GT



7.40 કરોડ રૂપિયા
40 લાખ બેઝ પ્રાઈઝ

4) કુશાગ્ર કુમાર, DC



7.20 કરોડ રૂપિયા
20 લાખ બેઝ પ્રાઈઝ

5) શિવમ માવી, LSG



6.40 કરોડ રૂપિયા
20 લાખ બેઝ પ્રાઈઝ




# IPLમાં અત્યાર સુધીના સૌથી મોંઘા પ્લેયર્સ

### હરાજીમાં ભારતનાખેલાડીમાં યુવરાજસિંહ સૌથી આગળ

■ નવી દિલ્લી

IPL 2024 માટે પ્લેયર્સનું ઓક્શન દુબઈમાં થયું. તેમાં પેટ કમિન્સને સનરાઈઝર્સ હૈદરાબાદે 20.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. પેટ કમિન્સ IPLના ઈતિહાસનો સૌથી મોંઘો પ્લેયર બન્યો જ હતો કે થોડા જ સમયમાં આ રેકોર્ડ પણ તૂટી ગયો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સે મિચેલ સ્ટાર્કને 24.75 કરોડમાં ખરીદીને આ રેકોર્ડ તોડી નાખ્યો હતો. કમિન્સને ખરીદવા માટે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે બિડિંગ વોર થયો હતો. ઉલ્લેખનીય છે કે પેટ કમિન્સે આ જ વર્ષે ઓસ્ટ્રેલિયાને બે ICC ટૂર્નામેન્ટ જીતાડી છે. WTC ફાઈનલ જીતાડનાર વિજેતા કેપ્ટન પણ પેટ કમિન્સ જ હતો અને હાલમાં વર્લ્ડ કપ 2023માં ઓસ્ટ્રેલિયાને ટ્રોફી અપાવનાર વિજેતા કેપ્ટન પણ પેટ કમિન્સ હતો.જોકે આ વખતે અન્ય કોઈપણ દેશ કરતાં ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓને સૌથી વધારે પૈસા આપવામાં આવ્યા હતા. જેના કારણે રમત-ગમત જગતના અનેક એક્સપર્ટ્સ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

### « આ વર્ષે બે ઓસ્ટ્રેલિયન પ્લેયર્સે ફ્રેન્ચાઈઝીના ખિસ્સા ખાલી કર્યા

1 પેટ કમિન્સ (રૂ. 20.50 કરોડ): પેટ કમિન્સને સનરાઈઝર્સ હૈદરાબાદે રૂ. 20.50 કરોડમાં ખરીદ્યો છે. આ રીતે પેટ કમિન્સ IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. પરંતુ તેનો આ રેકોર્ડ પણ એક કલાકમાં તૂટી ગયો હતો. પેટ કમિન્સને સનરાઈઝર્સ હૈદરાબાદે 20.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

2 મિચેલ સ્ટાર્ક (રૂ. 24.75 કરોડ): કમિન્સનો આ રેકોર્ડ ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે તોડ્યો છે. હવે ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. તેને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ની ટીમે 24.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

3 સેમ કરન(18.50 કરોડ): ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર સેમ કરન IPL ઓક્શનમાં વેચાનાર સૌથી પહેલો મોંઘા પ્લેયર છે. કરન IPL 2023ના ઓક્શનમાં ઈતિહાસ રચ્યો હતો. આ ઓલરાઉન્ડરને પંજાબ કિંગ્સે 18.50 કરોડમાં ખરીદ્યો હતો. કરન હાલ પંજાબ કિંગ્સનો જ ભાગ છે.

4 કેમરુન ગ્રીન (17.50 કરોડ): સેમ કરન પછી ઓક્શનમાં વેચાનાર સૌથી મોંઘા પ્લેયર કેમરુન ગ્રીન છે. ઓસ્ટ્રેલિયાના આ સ્ટાર ઓલરાઉન્ડરને મુંબઈ ઈન્ડિયન્સે 17.50 કરોડમાં ખરીદ્યો હતો. ગ્રીન આગામી સિઝનમાં RCB તરફથી રમતા નજર આવશે. ગ્રીનને મુંબઈ ઈન્ડિયન્સે ઓક્શન પહેલાં ટ્રેડ કર્યો છે.

5 બેન સ્ટોક્સ(16.25 કરોડ): ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના કેપ્ટન અને ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ IPL ઈતિહાસના ત્રીજો સૌથી મોંઘો પ્લેયર છે. તેને ચેન્નઈ સુપર કિંગ્સે 16.25 કરોડમાં ખરીદ્યો હતો. સ્ટોક્સે વર્કલોડ મેનેજમેન્ટના કારણે આગામી IPLમાંથી હટવાનો નિર્ણય લીધો છે.

6 ક્રિસ મોરિસ (16.25 કરોડ): સાઉથ આફ્રિકાના પૂર્વ ઓલરાઉન્ડર ક્રિસ મોરિસ ચોથો સૌથી મોંઘો પ્લેયર છે.

## 26મી જાન્યુઆરીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ભારતના મહેમાન બનશે

# ઈમેન્યુઅલ મેક્રોને ચીફ ગેસ્ટ બનવાનું આમંત્રણ સ્વીકાર્યું, સ્વાગતની તૈયારી

### વ્યસ્ત હોવાને કારણે બાઈડેને આમંત્રણ નહોતું સ્વીકાર્યું

■ નવી દિલ્લી

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનના ઈનકાર પછી, ભારતે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં સામેલ થવા માટે આમંત્રણ મોકલ્યું છે. ANI અનુસાર, મેક્રોને ભારતનું આમંત્રણ સ્વીકાર્યું છે અને છઠ્ઠી વખત હશે, જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ભારતના પ્રજાસત્તાક દિવસની પરેડમાં મહેમાન બનશે. 1976થી લઈને ભારતે અત્યાર સુધી ફ્રાન્સના રાષ્ટ્રપતિને ગણતંત્ર દિવસ માટે 5 વખત આમંત્રણ આપ્યું છે. આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સની બેસ્ટિલ ડે પરેડમાં પણ મુખ્ય અતિથિ તરીકે ભાગ લીધો હતો. આ પરેડમાં ભાગ લેનારા તેઓ બીજા ભારતીય વડાપ્રધાન હતા. પરેડમાં ભારતીય રાફેલ ઉડાન ભરી હતી. ત્રણેય સેનાઓની ટુકડીના 269 સૈનિકોએ પરેડમાં ભાગ લીધો હતો. એકમાં પક્ષના કાર્યકરોની સાથે સામાન્ય જનતા પણ મતદાન કરી શકશે. જ્યારે બીજામાં પક્ષના કાર્યકરો જ ઉમેદવારની પસંદગી કરે છે. 80 વર્ષીય બાઈડેને 25 એપ્રિલ, 2023ના રોજ સત્તાવાર જાહેરાત કરી હતી કે તેઓ ફરીથી રાષ્ટ્રપતિની ચૂંટણી લડશે.



### જો બાઈડેન પાસે સમય નથી


અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન પ્રજાસત્તાક દિવસ 2024 માટે ભારત આવવાના નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપ્યું હતું. આ માહિતી ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગાર્સેટ્ટીએ આપી હતી. આ સિવાય ભારતમાં જાન્યુઆરીમાં યોજાનારી ક્વાડ સમિટને પણ મોકૂફ રાખવામાં આવી છે. આ બેઠક 26 જાન્યુઆરીની આસપાસ થવાની હતી. અન્ય દેશો ક્વાડ મીટિંગ માટે ભારત દ્વારા બનાવેલા શેડ્યૂલ પર સહમત ન હતા. છેલ્લી વખત અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ 2015માં ગણતંત્ર દિવસની ઉજવણીમાં સામેલ થયા હતા. તેમની 3 દિવસની મુલાકાત દરમિયાન ઓબામાએ PM મોદી સાથે મન કી બાત કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.

### અનેક વર્ષોથી ભારત-ફ્રાન્સ સંબંધો વધારે ગાઢ બન્યા છે

ભારત અંગે ફ્રાન્સનું વલણ અન્ય પશ્ચિમી દેશો કરતાં અલગ છે. ઘણી વખત તમે અમેરિકા, બ્રિટન અને જર્મનીને ભારતમાં માનવાધિકાર અને લોકશાહી પર પ્રશ્નો ઉઠાવતા સાંભળ્યા હશે. તેની સરખામણીમાં ફ્રાન્સ ભારતની આંતરિક બાબતોમાં ઘણી ઓછી દખલગીરી કરે છે. આ એક મુખ્ય કારણ છે કે ભારતનો ફ્રાન્સ સાથે ક્યારેય કોઈ મોટો મતભેદ થયો નથી. આ સિવાય જુલાઈ 1998માં જ્યારે ભારતે પરમાણુ શક્તિ બનવાનો નિર્ણય કર્યો અને પરમાણુ પરીક્ષણો કર્યા તો તમામ પશ્ચિમી દેશોએ તેની સામે વાંધો ઉઠાવ્યો. અમેરિકાએ ભારત પર અનેક પ્રકારના પ્રતિબંધો લગાવ્યા હતા. ત્યારબાદ ફ્રાન્સના રાષ્ટ્રપતિ જેક શિરાકે ભારતને સમર્થન આપ્યું હતું. પશ્ચિમી દેશોથી વિપરીત, ફ્રાન્સે ભારતને પરમાણુ પ્લાન્ટ સ્થાપવામાં મદદ કરી. રશિયા પછી ફ્રાન્સ એકમાત્ર એવો દેશ છે જેણે ભારતની પરમાણુ ક્ષમતા વધારવામાં મદદ કરી છે. આ પ્લાન્ટને લઈને બંને દેશો વચ્ચે હજુ પણ વાતચીત ચાલી રહી છે. મહારાષ્ટ્રના જેતપુરમાં સ્થપાયેલ ન્યુક્લિયર પ્લાન્ટ ફ્રાન્સની મદદથી જ શક્ય બન્યો હતો.

## NEWS FILE

### ઈલેક્શન કેમ્પેઈનમાં લંગડા અને મૂંગા કહી શકાશે નહીં



નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણી 2024 પહેલા ચૂંટણી પંચે રાજકીય પક્ષ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. પંચે પક્ષોને ચૂંટણી પ્રચારમાં દિવ્યાંગો માટે અપમાનજનક ભાષાનો ઉપયોગ ન કરવા સૂચના આપી છે. પંચે પક્ષકારોને કહ્યું કે વિકલાંગો માટે મૂંગા, પાગલ, પાગલ, આંધળા, એક આંખવાળા, બહેરા, લંગડા, નબળા, અપંગ જેવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ. પ્રચાર દરમિયાન નેતાઓના ભાષણો, પોસ્ટ્સ, રિલીઝમાં આવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. જો આનું ઉલ્લંઘન કરવામાં આવે તો વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, 2016ની કલમ 92 હેઠળ 5 વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

### રેસલર બજરંગ પુનિયાએ પદ્મશ્રી એવોર્ડ પરત કરી દીધો

રેવાડીઃ કુસ્તીબાજ બજરંગ પુનિયાએ સોશિયલ મીડિયા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પદ્મશ્રી એવોર્ડ પરત કરવાની જાહેરાત કરી છે. બજરંગ પુનિયાએ લખ્યું કે હું મારો પદ્મશ્રી એવોર્ડ વડાપ્રધાનને પરત કરી રહ્યો છું. આ માત્ર કહેવા માટે મારો પત્ર છે. આ મારું નિવેદન છે. અઢી પેજના આ પત્રમાં બજરંગ પુનિયાએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) પર બ્રિજ ભૂષણના નજીકના સંજય સિંહની જીતનો વિરોધ કર્યો છે. પરંતુ અંદર જવાની પરવાનગી ન મળતાં તેમણે એવોર્ડ ત્યાં ફૂટપાથ પર જ મૂકી દીધો હતો.

### વર્ષ 2024માં ભારત સહિત 78 દેશોમાં ચૂંટણી યોજાશે



નવી દિલ્હીઃ 2024ના વર્ષને આંતરરાષ્ટ્રીય ચૂંટણી વર્ષ જાહેર કરવુ પડે તેવી સ્થિતિ છે. કારણકે 2024માં ભારત સહિત દુનિયાના 78 દેશોમાં વિવિધ ચૂંટણીઓ યોજાવાની છે. વોશિંગ્ટન સ્થિત થિન્ક ટેન્ક એટલાન્ટિક કાઉન્સિલના કહેવા પ્રમાણે 2024 પછી છેક 2048માં જ આ પ્રકારનો સંયોગ જોવા મળશે. આમ બીજા 24 વર્ષ સુધી એક જ વર્ષમાં આટલી સંખ્યામાં ચૂંટણીઓ નહીં યોજાય. ભારતીય ઉપખંડમાં જે દેશોમાં ચૂંટણી યોજાવાની છે તે દેશોમાં ભારત ઉપરાંત, પાકિસ્તાન અને બાંગ્લાદેશનો સમાવેશ થાય છે. સાથે સાથે પૂર્વ એશિયામાં ઈન્ડોનેશિયામાં પણ 2024માં ચૂંટણી થશે.

# ભાજપને 71% દાન મળ્યું, 10 વર્ષમાં 350%નો વધારો

### 1 વર્ષમાં રાષ્ટ્રીય પાર્ટીઓની આવક વધી

■ નવી દિલ્લી




ચૂંટણી બોન્ડે ભલે ઈલેક્ટોરલ ટ્રસ્ટને સાઈડમાં કરી દીધું હોય, પરંતુ તે હજુ પણ રાજકીય પાર્ટીઓને સારું ભંડોળ પૂરું પાડે છે. યુપીએ સરકાર દ્વારા 2013માં શરૂ કરાયેલા ઈલેક્ટોરલ ટ્રસ્ટે 10 વર્ષમાં 2,557.74 કરોડ દાન આપ્યું છે. 2023માં, સૌથી મોટા પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ (PET) એ શાસક ભાજપને 71% થી વધુ દાન આપ્યું હતું. BRS ને 24.8%, YSRCP ને 4.4% અને AAP ને 0.2% મળ્યા. આ વર્ષે કોંગ્રેસને કંઈ દાન આપ્યું નથી. તેમજ, 2022માં, 72.4% ભાજપને અને કોંગ્રેસને 3.6% દાન આપવામાં આવ્યું હતું.

પાર્ટીઓને 2017-2022 દરમિયાન ચૂંટણી બોન્ડમાંથી રૂ. 9,208.23 કરોડ મળ્યા હતા. આમાં ભાજપનો હિસ્સો 57% હતો. ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી દાનની રકમ 10 વર્ષમાં 360% વધી છે. PET એ કુલ રકમના 88% આપ્યા હતા. ભાજપને 1686.89 કરોડ આપ્યા. PET ઉપરાંત, પ્રોગ્રેસિવ, જનતા ઈલેક્ટોરલ, પરિવર્તન, જનકલ્યાણ અન્ય ઈલેક્ટોરલ ટ્રસ્ટ છે.

# સુપ્રીમ કોર્ટે 52 હજારથી વધુ કેસનો નિકાલ કર્યો

### ગયા વર્ષે 39 હજાર કેસનો નિકાલ થયો હતો

■ નવી દિલ્લી



સુપ્રીમ કોર્ટે 2023માં 52 હજાર 191 કેસનો નિકાલ કર્યો છે. ગયા વર્ષે સર્વોચ્ચ અદાલતે 39 હજાર 800 કેસોનો નિકાલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે શુક્રવારે (22 ડિસેમ્બર) એક પ્રેસ રિલીઝ જારી કરીને આ માહિતી આપી છે. આ ડેટા 1 જાન્યુઆરીથી 15 ડિસેમ્બર 2023 સુધીનો છે. પ્રેસ રિલીઝમાં જણાવ્યું- આ વર્ષે કોર્ટે ગયા વર્ષ કરતાં 12 હજાર (31.13%) વધુ કેસનો નિર્ણય કર્યો. જે છેલ્લા 6 વર્ષમાં સૌથી વધુ છે. જોકે, 6 વર્ષ પહેલા કેટલા કેસનો નિકાલ થયો તે જણાવવામાં આવ્યું ન હતું.

આ વર્ષે સુપ્રીમ કોર્ટમાં 49,191 કેસ સુનાવણી માટે આવ્યા હતા. કોર્ટે આ વર્ષે 3 હજાર બેકલોગ કેસ પણ ઉકેલ્યા છે. અદાલતે તેનો શ્રેય ન્યાયિક પ્રણાલીમાં નવી ટેક્નોલોજી અપનાવવા અને સુધારાને આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પ્રેસ રિલીઝમાં દાવો કર્યો છે કે CJI DY ચંદ્રચુડે ન્યાયિક વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરી છે. અગાઉ, કેસ દાખલ થયા પછી, તેની સુનાવણીમાં 10 દિવસનો સમય લાગ્યો હતો. હવે સુનાવણી 5 કે 7 દિવસમાં થાય છે.

# ચીનનો ખતરનાક પ્લાન

## મિસાઈલ પળભરમાં પેસેન્જર પ્લેન બનશે, એર ડિફેન્સ કરી દેશે ફેલ, મિસાઈલનો બહારનો ભાગ અને આકાર સરળતાથી બદલી શકાય તેવી ચીનની ટેકનોલોજી

■ બીજીંગ

દુશ્મનની ડિફેન્સ સિસ્ટમ પણ ન ઓળખી શકે તેવી ઘાતક મિસાઈલ ટેકનોલોજી પર ચીન કામ કરી રહ્યું હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. આ મિસાઈલ સરળતાથી પેસેન્જરનું સ્વરૂપ ધારણ કરી શકે તેમજ ઝડપથી તેની સાઈઝ અને આકાર બદલી જાય તેના પર પણ ધ્યાન અપાઈ રહ્યું છે. ઉત્તર-પશ્ચિમી ચીનમાં એક રિસર્ચ ટીમ મિસાઈલ ટેકનોલોજી પર કામ કરી રહી છે. આ ટેકનોલોજીના કારણે વિશ્વના મોંઘામાં મોઘા એર ડિફેન્સ સિસ્ટમ પણ નિષ્ફળ જઈ શકે છે.



### ચીનની ઘાતક મિસાઈલની ખાસીયત

શાંક્સી પ્રાંતમાં નોર્થવેસ્ટ પોલિટેકનિકલ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર ઝોંગ યેલીએ કહ્યું કે, લેબમાં પરીક્ષણો મુજબ આ ટેકનોલોજી હવામાં લક્ષ્યના રડાર ક્રોસ સેક્શનને 1 થી 30 ડેસિબલ પર ચોરસ મીટર સુધી વધારી શકે છે. ચીનના જર્નલ ઓફ સાયન્સના એક રિપોર્ટમાં જોંગ અને તેમના સહકર્મચારીઓએ જણાવ્યું કે, ખુબ જ સસ્તી ટેકનોલોજીથી મિસાઈલ ગોલ્ડ-પ્લેટેડથી બનેલા આવરણમાં તબદીલ થઈ જશે. નવી ટેકનોલોજીથી મિસાઈલનો આકાર પણ સરળતાથી બદલી જશે. ટેકનોલોજીતી સજ્જ ડિવાઈસથી મિસાઈલનો બહારનો ભાગ અને આકાર બંને સરળતાથી બદલી શકાશે અને તેનાથી રડાર ઓપરેટર્સને ચકમો પણ આપી શકાશે. સંશોધકોએ જણાવ્યું કે, ડિવાઈઝનો ખર્ચ ખુબ ઓછો છે અને તેનું વજન પણ ઓછું છે. એક કિલોનું વજન ધરાવતા ડિવાઈસમાં લગાવાયેલા ટ્રાન્સમિટર્સ દુશ્મનના સિગ્નલ્સ જનરેટ કરી શકશે. ચીનના લશ્કરી નિષ્ણાતોનું માનવું છે કે, ચીન પાસે પહેલેથી જ એક શક્તિશાળી ડિફેન્સ સિસ્ટમ છે. પ્રોજેક્ટના વિજ્ઞાનીઓનું કહેવું છે કે, સેનામાં આવી ટેકનોલોજી સામેલ થયા બાદ યુદ્ધની સ્થિતિમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. નવી ક્રૂઝ મિસાઈલ પેસેન્જર પ્લેન જેવી દેખાય તે માટે ગોલ્ડ પ્લેટેડ આવરણનો ઉપયોગ કરાશે.